પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ • અંક : ૨૪૪ • કુલ પાના : ૪ • તારીખ : ૦૮-૦૬-૨૦૨૪ શનિવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

# N D A સંસદીય દળના નેતા તરીકે નરેન્દ્ર મોદીના નામ પર મહોર



નવીદિલ્હી,

લોકસભા ચૂંટણીમાં એનડીએને બહુમતી મળ્યા બાદ નવી સરકારની રચનાની તૈયારીઓ તેજ થઈ ગઈ છે. ભાજપની આગેવાની હેઠળના રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન (એનડીએ)ની સાથે કોંગ્રેસના નેતૃત્વ હેઠળના ઈન્ડિયા બ્લોક પણ દિલ્હીમાં સતત બેઠકો યોજી રહ્યા છે. આજે એનડીએ સંસદીય પક્ષની બેઠક મળી હતી જેમાં નરેન્દ્ર મોદીને સર્વાનુમતે સંસદીય પક્ષના નેતા તરીકે ચુંટી કાઢવામાં આવ્યા હતાં. મોદી ૯ જૂને વડાપ્રધાન પદના શપથ લેશે ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વમાં નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (એનડીએ)એ ત્રીજી વખત બહુમતી મેળવી છે. એનડીએ ગઠબંધનને ૨૯૨ બેઠકો મળી છે. જો કે, ભાજપ એકલા બહુમતીના આંક (૨૭૨)ને સ્પર્શી શક્યું ન હતું અને માત્ર ૨૪૦ બેઠકોથી સંતોષ માનવો પડ્યો હતો. વિપક્ષી ભારતીય બ્લોકને ૨૩૪ બેઠકો મળી છે. જો કે આ વખતે ભાજપના નેતૃત્વમાં બનેલી સરકારમાં તેના બે સહયોગી પક્ષો ટીડીપી અને જેડીયુની ભૂમિકા સૌથી મહત્વની રહેવાની છે. એનડીએમાં બીજા અને ત્રીજા સૌથી મોટા પક્ષો અનુક્રમે ટીડીપી અને જેડીયુ છે. ટીડીપી પાસે ૧૬ અને જેડીયુ પાસે ૧૨ સાંસદ છે.નરેન્દ્ર મોદી એનડીએ સંસદીય દળના નેતા તરીકે ચૂંટાયા છે. રાજનાથ સિંહે શુક્રવારે જૂના સંસદ ભવનમાં એનડી સંસદીય દળની બેઠકમાં આ પ્રસ્તાવ મૂક્યો હતો. આ દરમિયાન આ પ્રસ્તાવ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો. પ્રસ્તાવ દરમિયાન ટીડીપી ચીફ ચંદ્રબાબુ નાયડુ અને બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર પણ મંચ પર હાજર હતા. આ દરમિયાન બીજેપી સાંસદ રાજનાથ સિંહે કહ્યું, 'હું તમામ નવા ચૂંટાયેલા સાંસદોને અભિનંદન આપવા માંગુ છું. આજે અમે અહીં એનડીએના નેતાની પસંદગી કરવા આવ્યા છીએ. હું માનું છું કે આ તમામ પદો માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું નામ સૌથી યોગ્ય છે.અમિત શાહે જણાવ્યું હતું કે એનડીએની બેઠકમાં રક્ષામંત્રી રાજનાથસિહે લોકસભાનાં નેતા, બીજેપી અને એનડીએ સંસદીય દલનાં નેતાનાં રૂપમાં નરેન્દ્ર મોદીનાં નામનો પ્રસ્વાત રજૂ કર્યો હતો. જેનું હું દિલથી સમર્થન કરૂ છું. તેમણે આગળ કહ્યું કે આ પ્રસ્તાવ માત્ર અહીંયા બેઠેલા લોકોની ઈચ્છા નથી. આ દેશની ૧૪૦ કરોડ લોકોનો પ્રસ્તાવ છે. આ દેશનો આવાજ છે. વડાપ્રધાન મોદી આગામી ૫ વર્ષ માટે દેશનું નેતૃત્વ કરશે.એનડીએની સંસદીય દળની બેઠકમાં ટીડીપી પ્રમુખ ચંદ્રબાબુ નાયડુંએ કહ્યું કે, તમામ લોકો તમને શુભેચ્છા પાઠવી રહ્યા છે. કેમ કે અમે શાનદાર બહુમતી હાંસલ કરી છે. મે ચૂંટણી પ્રચાર દરમ્યાન દેખ્યું કે ૩ મહીના સુધી વડાપ્રધાને આરામ નથી કર્યો. તેમણે દિવસ રાત પ્રચાર કર્યો છે. આંધ્ર પ્રદેશમાં અમે ૩ જાહેર સભાઓ અને ૧ મોટી રેલી કરી. જેથી આંધ્રપ્રદેશમાં ચૂંટણી જીતવામાં મોટો તફાવત સર્જાયો. પીએમ મોદીએ દેશ માટે કામ કરવું જોઈએ. અમારો તેમને સંપૂર્ણ સમર્થન છે.જેડીયુ વતી નીતિશ કુમારે ભારતના વડાપ્રધાન પદ માટે નરેન્દ્ર મોદીને સમર્થન આપ્યું હતું. તેમણે કહ્યું, તેઓ ૧૦ વર્ષથી વડાપ્રધાન છે. ફરી વડાપ્રધાન બનવા જઈ રહ્યા છીએ. આ સમગ્ર દેશની સેવા છે અને મને પૂરો વિશ્વાસ છે કે જે પણ બચશે તે અમે આગામી સમયમાં પૂર્ણ કરીશું. તેમજ અમે તેઓની સાથે છીએ.બેઠકના મંચ પર અનુપ્રિયા પટેલ,જીતન રામ માંઝી,ચિરાગ પાસવાન,એકનાથ શિંદે,અજિત પવાર,નીતિશ કુમાર,ચંદ્રબાબુ નાયડુ,એચડી કુમારસ્વામી,પવન કલ્યાણ,અમિત શાહ,જેપી નડ્ડા,રાજનાથ સિંહ બેઠા હતાં શિવસેનાના અધ્યક્ષ, એનડીએના નેતા અને મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ સિંદે એ પણ નરેન્દ્ર મોદીના નામ પર સમર્થન આપ્યું. મોદીજીએ દુનિયાભરમાં ભારતનું નામ રોશન કર્યુ છે. ખોટી અફવા ફેલાવવાવાળાનો ક્યાંય વારો આવવાનો નથી. શિવસેના પાર્ટીની તરફથી હું મોદીના નામ પર પ્રસ્તાવ મુકું છું. ૧૦ વર્ષ મોદીજીએ જે કામ કર્યુ છે દેશ અને દુનિયા એની ગવાહ છે. વિપક્ષના લોકો ખોટી રાજનીતિ કરે છે. રાજનીતિ કરનારાઓને મોદીજીએ ઘરે બેસાડી દીધાં છે. ભાજપ અને એનડીએ સાથેનું અમારું ગઠબંધન કયારેય તૂટશે નહીં.લોકજન શક્તિ પાર્ટીના અધ્યક્ષ ચિરાગ પાસવાને જણાવ્યુંકે, હું મારા પ્રધાનમંત્રીને અભિનંદન આપ્યું છે. તમારા લીધે એનડીએને પ્રચંડ બહુમત અપાવ્યો છે. આ કોઈ સામાન્ય વાત નથી કે સતત ત્રીજીવાર પીએમ મોદીના નામે પર એનડીએની સત્તા મળી રહી છે. તમારા લીધે દુનિયાના ખૂણે ખૂણે ભારતને આગળ વધી રહ્યું છે. હું પીએમ મોદીના પ્રસ્તાવને સ્વીકારું છું, સમર્થન આપું છું. કરોડો દેશવાસીઓને અંધકારથી અજવાસ તરફ લઈ જવાની એક માત્ર ઉમિદ માત્ર તમે જ છો મોદી સર.

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી એનસીપીના નેતા અજીતપવારે પણ પીએમ મોદીના નામને સમર્થન કર્યું. જીતનરામ માંજીએ રહ્યું હું મારી છેલ્લી ઘડી સુધી મોદીજીની સાથે રહીશ. જનસેના પાર્ટીના અધ્યક્ષ પવન કલ્યાણે પણ મોદીજીના નામને સમર્થન આપ્યું. પવન કલ્યાણે કહ્યું મોદીજી તમે દેશ સેવાથી ભારતને પ્રોત્સાહિત કર્યુ છે. તમે દેશને આગળ લઈ જશો એવો પુરો વિશ્વાસ છે. સંસદીય દળની મળેલી બેઠકમાં ત્રીજી વખત નામ સર્વાનુંમતે નક્કી કરવામાં આવ્યા બાદ વડાપ્રધાને તેઓનાં વક્તવ્યમાં જણાવ્યું હતું કે, હું સૌ પ્રથમ તો આ સભાગૃહમાં ઉપસ્થિત એનડીએ ઘટક દળનાં તમામ નેતાઓ તેમજ નવા ચૂંટાયેલા સાંસદોનો હ્દય પૂર્વક આભાર વ્યક્ત કરૂ છું. જે મિત્રો વિજયી થઈને આવ્યા છે તે તમામ લોકો શુભેચ્છાઓને પાત્ર છે. તેમજ જે કાર્યકરોએ દિવસ રાત દેખ્યા વગર ભયંકર ગરમીમાં જે પુરૂષાર્થ કર્યો છે મહેનત કરી છે તેઓને માથું નમાવીને નમન કરુ છું. મિત્રો મારૂ સૌભાગ્ય છે કે એનડીએનાં નેતાનાં રૂપમાં મને ચૂંટી મને એક નવું નેતૃત્વ આપ્યું છે. વ્યક્તિગત જીવનમાં હું એક જવાબદારીનો અહેસાસ કરુ છું. જ્યારે હું ૨૦૧૯ માં નેતાનાં રૂપમાં ચૂંટાયો હતો. ત્યારે ફરી એક વખત તમે લોકો મને ફરી એક વખત આ નેતૃત્વ આપો છે. જેનાથી એક વાત સાબિત થાય છે કે આપણી વચ્ચે એક અતૂટ સબંધ છે. એટલે આ જ પળ છે તે મને ભાવુક કરનાર છે. તેમજ તમારો લોકોનો આભાર માનું એટલો ઓછો છે.

ખૂબ ઓછા લોકો આ વાતોની ચર્ચા કરે છે. કદાચ તેમને ખબર નહી હોય. આજે એનડીએને લોકોએ ૨૨ રાજ્યોમાં ભવ્ય વિજય અપાવી સેવા કરવાની તક આપી છે. અમારૂ આ ગઠબંધન સાચા અર્થમાં ભારતનો જે આત્મા છે. ભારતની જડોમાં જે રહેલો છે. તેનું આ એક પ્રતિબિંબ છે. અને હું આ એટલા માટે કહું છુ કે જરા નજર કરો જ્યાં અમારા આદિવાસી બંધુઓની સંખ્યા વધુ છે. એવા ૧૦ રાજ્યોમાંથી ૭ રાજ્યોમાં એનડીએ સેવા કરી રહી છે.

# સુનિતા વિલિયમ્સ અવકાશમાં પહોંચ્યા પછી આનંદથી કૂદી પડ્યા, તેના સાથીદારોને ગળે લગાવ્યા

વોશિંગ્ટન,

ભારતીય મૂળના સુનિતા વિલિયમ્સ અને તેમના પાર્ટનર બૂચ વિલ્મોર ગુરુવારે સુરક્ષિત રીતે અવકાશમાં પહોંચ્યા હતા. આ દરમિયાન વિલિયમ્સ ખુશીથી કૂદતો જોવા મળ્યો હતો. આનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે. તમને જણાવી દઈએ કે, બોઈંગના સ્ટારલાઈનર સ્પેસક્રાફ્ટમાં ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનના માર્ગ પર અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ અને તેમના સહયોગી બૂચ વિલ્મોરે પણ ઉડવાની ક્ષમતા (મેન્યુઅલ પાયલોટિંગ)નું પરીક્ષણ કર્યું હતું. આ બંનેએ પોતાના સભ્યો તરીકે અવકાશયાન પર નિયંત્રણ મેળવીને ઈતિહાસ રચ્યો હતો. આવું કરનાર સુનીતા પ્રથમ મહિલા બની છે.

તમને જણાવી દઈએ કે, સ્પેસક્રાફ્ટ સામાન્ય રીતે ઓટો હોય છે, પરંતુ લગભગ બે કલાકની ઓટો ફ્લાઈટ દરમિયાન ક્રૂએ સ્પેસક્રાફ્ટને જાતે કંટ્રોલ કરી લીધો હતો. તેઓએ સ્ટારલાઈનરને પૃથ્વી તરફ નિર્દેશ કર્યો જેથી સર્વિસ મોડ્યુલની પાછળના તેના સંચાર એન્ટેના ટ્રેકિંગ અને ડેટા રિલે ઉપગ્રહો તરફ નિર્દેશ કરી શકે. પછી તેઓએ અવકાશયાનને એવી રીતે ફેરવ્યું કે તે સૂર્યનો સામનો કરે છે જેથી



જો જરૂર હોય તો તેઓ આંતરિક બેટરીઓને ચાર્જ કરી શકે. આ સમગ્ર કવાયતનો હેતુ એ બતાવવાનો હતો કે ત્રણેય ફ્લાઈટ કોમ્પ્યુટરો એક જ સમયે બંધ થઈ જાય તો અવકાશમાં કાર્ય કરી શકે છે. તેઓએ અવકાશયાનને મેન્યુઅલી વેગ આપ્યો અને પછી તેને ધીમો કર્યો જેથી જો જરૂરી હોય તો ક્રૂ સ્પેસ સ્ટેશનની ભ્રમણકક્ષાથી અલગ થઈ શકે.

વિલિયમ્સ અગાઉ ભગવાન ગણેશની મૂર્તિ અને ભગવદ ગીતાને અવકાશમાં લઈ ગયા છે. હવે આ તેની ત્રીજી અવકાશ યાત્રા છે. જ્યારે તે સ્પેસ સ્ટેશન પર પહોંચી ત્યારે તે ખાસ અંદાજમાં જોવા મળી હતી. તે અવકાશમાં પહોંચતાની સાથે જ આનંદથી કૂદતી જોવા મળી હતી. આ સમય દરમિયાન તેણે આઈએસએસ પર સવાર અન્ય સાત અવકાશયાત્રીઓને પણ ડાન્સ કર્યો અને ગળે લગાવ્યો.વિલિયમ્સ અને વિલ્મોરને ઘંટ વગાડીને આવકારવામાં આવ્યા હતા, જે લાંબા સમયથી ચાલતી આઈએસએસ પરંપરા છે. જ્યારે તેના ડાન્સ પર સુનીતાએ કહ્યું કે આ વસ્તુઓને આગળ લઈ જવાનો રસ્તો છે.

તેમણે તેમના અદ્ભુત સ્વાગત માટે ક્રૂ સભ્યોનો આભાર માન્યો, તેમને પરિવાર તરીકે બોલાવ્યા. તેણે કહ્યું, 'હું તમને બધાને મિસ નથી કરતી. તમને જાણીને આનંદ થશે કે હું અહીં મારા બીજા પરિવાર સાથે છું અને હું અહીં ખૂબ જ ખુશ છું. તમને જણાવી દઈએ કે, વિલિયમ્સ અને વિલ્મોર સ્ટારલાઈનર ઉડાડનાર પ્રથમ ક્રૂ છે. તેઓએ ફ્લોરિડામાં કેપ કેનાવેરલ સ્પેસ ફોર્સ સ્ટેશનથી લોન્ચ કર્યાના લગભગ ૨૬ કલાક પછી આઈએસએસ પર બોઈંગ અવકાશયાન સફળતાપૂર્વક લેન્ડ કર્યું.

નાની હિલીયમ લીક જેવી ટેકનિકલ ખામીઓને કારણે ઉતરાણ લગભગ એક કલાક મોડું થયું હતું. તમને જણાવી દઈએ કે, વિલિયમ્સ અને વિલ્મોર લગભગ એક સપ્તાહ અંતરિક્ષમાં વિતાવશે અને વિવિધ પરીક્ષણોમાં મદદ કરશે અને વૈજ્ઞાનિક પ્રયોગો કરશે. એવું જાણવા મળ્યું છે કે બોઈંગ સ્ટારલાઈનરની ફ્લાઈટ વિવિધ કારણોસર ઘણી વખત ખોરવાઈ ગઈ હતી. આખરે, આ વાહન ફ્લોરિડામાં કેપ કેનાવેરલ સ્પેસ ફોર્સ સ્ટેશનથી લોન્ચ કરવામાં આવ્યું હતું. સુનીતા વિલિયમ્સ આવા મિશન પર જનાર વિશ્વની પ્રથમ મહિલા અવકાશયાત્રી બની છે. મે ૧૯૮૭માં સુનિતે યુએસ નેવલ એકેડમીમાંથી તાલીમ લીધી. આ પછી તે યુએસ નેવીમાં જોડાઈ. ૧૯૯૮માં તેમને નાસા દ્વારા અવકાશયાત્રી તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. આ પહેલા સુનીતા વિલિયમ્સ ૨૦૦૬ અને ૨૦૧૨માં સ્પેસ મિશનનો હિસ્સો રહી ચૂકી છે.

# મહારાષ્ટ્ર ચોમાસું પહોંચ્યુ, અનેક વિસ્તાર પાણીથી તરબોળ થયા

મુંબઈ,

દેશભરના ઘણા રાજ્યોમાં છેલ્લા ઘણા દિવસથી તીવ્ર ગરમી પડી રહી છે. અનેક રાજ્ય હીટવેવની પકડમાં હતા. હીટવેવમાં અનેક લોકોએ જીવ ગુમાવ્યા છે. દિલ્હી, યુપી, રાજસ્થાન, બિહાર, ઝારખંડ અને મધ્યપ્રદેશમાં હીટવેવને કારણે સ્થિતિ વધુ ખરાબ હતી. તાપમાન ૫૦ ડિગ્રીએ પહોંચી ગયું હતું. જો કે મહારાષ્ટ્રમાં હવે ચોમાસાએ દસ્તક દીધી છે. કેટલાક રાજ્યોમાં હળવા વરસાદને કારણે હવામાનમાં થોડો ઘટાડો થયો હોવા છતાં તાપમાનનો પારો હજુ પણ ૪૩ થી ૪૪ ડિગ્રી પર યથાવત છે.

ગુજરાત, દિલ્હી, યુપી, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને બિહારના લોકો ચોમાસાની રાહ જોઈ રહ્યા છે, જેથી તેઓ આ અસહ્ય ગરમીથી રાહત મેળવી શકે. દરમિયાન કેરળમાં પ્રવેશેલુ ચોમાસું ઝડપથી અન્ય રાજ્યો તરફ આગળ વધી રહ્યું છે. હવામાન વિભાગે ચોમાસાની એન્ટ્રીના સારા સમાચાર આપ્યા હતા. હવામાન વિભાગે કહ્યું કે ચોમાસું ૬ જૂને મહારાષ્ટ્રમાં પહોંચી ગયું છે. તે ટૂંક સમયમાં મુંબઈમાં ટકરાશે. હવામાન વિભાગે કહ્યું કે ચોમાસું ૯ થી ૧૦ જૂન વચ્ચે મુંબઈ પહોંચે તેવી શક્યતા છે. ગુજરાતમાં હવામાન હજુ પણ ગરમ છે. આવી સ્થિતિમાં અહીંના લોકો ચોમાસું ક્યારે આવશે તે જાણવા આતુર છે. ચારથી પાંચ દિવસમાં ગુજરાતમાં ચોમાસાનો વિધિવત પ્રારંભ થઈ શકે છે. મહારાષ્ટ્રના ચોમાસું રત્નાગીરીમાં પહોંચ્યું છે. ૧૨ થી ૧૪ જૂન આસપાસ ગુજરાતમાં વિધિવત ચોમાસાનો પ્રારંભ થઈ શકે

ગુજરાતમાં શરૂઆતથી જ વાવણીલાયક વરસાદ રહી શકે છે. ગુજરાતમાં વહેલા ચોમાસાના આગમનના સમાચારના પગલે ખેડૂતોમાં આનંદની લાગણી જોવા મળી રહી છે. કે ૧૮ થી ૨૦ જૂનની વચ્ચે ચોમાસું વારાણસી અથવા ગોરખપુરથી યુપીમાં પ્રવેશ કરશે. રાજધાની લખનઉમાં ચોમાસું ૨૪ થી ૨૫ જૂનની આસપાસ આવી શકે છે, ત્યારબાદ સારા વરસાદની સંભાવના છે.

ભારતીય હવામાન વિભાગ દ્વારા ગત ગુરુવારે જાહેર કરવામાં આવેલી હવામાનની આગાહીમાં કહેવામાં આવ્યું હતું કે, "દેશના ઘણા રાજ્યોમાં આગામી ૫ દિવસમાં ભારે વરસાદ પડી શકે છે. ૮ જૂને ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, પંજાબ, હરિયાણા, ચંદીગઢ અને દિલ્હીમાં ધૂળની ડમરીઓ આવી શકે છે. હવામાન વિભાગે કહ્યું કે મધ્ય પ્રદેશના ઉત્તર-પશ્ચિમ વિસ્તારમાં ચક્રવાતી સિસ્ટમની રચના થઈ છે, જે પશ્ચિમ બંગાળ સુધી વિસ્તરેલ ટ્રફ સાથે જોડાયેલ છે. તેની અસર બિહાર, ઝારખંડ અને પશ્ચિમ બંગાળમાં જોવા મળશે. આગામી બે-ત્રણ દિવસ સુધી અહીં હળવો વરસાદ પડી શકે છે.

# મોંઘવારીનો વધુ એક માર: મે મહિનામાં મોંઘી થઈ વેજ થાળી! સસ્તી થઈ નોનવેજ ડીશ

નવીદિલ્હી

શાકાહારી ભોજન ખાવાનું પસંદ કરનારા લોકોને મોંઘવારી માર સહન કરવી પડી રહી છે. મે મહિનામાં શાકાહારી થાળીની સરેરાશ ખર્ચ ૯ ટકા વધી ગઇ છે.જાહેર કરવામાં આવેલા રિપોર્ટમાં ડુંગળી ટામેટા અને બટાકાની કિંમતોમાં તેજીને કારણ જણાવવામાં આવ્યું છે. ક્રિસિલ માર્કેટ ઇંટેલિજેન્સ એન્ડ એનાલિસિસની માસિક 'રોટી ભાત દર' રિપોર્ટમાં શાકાહારી થાળી મોંઘી થવાની વાત કહી. જોકે બ્રોયલર મુરઘીની કિંમતમાં ઘટાડાથી માંસાહારી ભોજનના ખર્ચમાં ઘટાડો થયો છે.

રિપોર્ટ અનુસાર શાકાહારી ભોજનની કિંમત મે મહિનામાં વધીને ૨૭.૮ રૂપિયા પ્રતિ થાળી થઇ ગઇ, જે એક વર્ષ અગાઉ સમાન ગાળામાં રૂ. ૨૫.૫ હતો. જ્યારે એક મહિના પહેલા એપ્રિલમાં શાકાહારી થાળીની કિંમત ૨૭.૪ રૂપિયા હતી. આ થાળીમાં મુખ્યત્વે રોટલી, શાકભાજી (ડુંગળી, ટામેટા અને બટેટા), ચોખા, દાળ, દહીં અને સલાડનો સમાવેશ થાય છે.

તેનાથી ઉલટું મે મહિનામાં માંસાહારી થાળીની કિંમત ઘટીને રૂ. ૫૫.૯ થઈ છે, જ્યારે એક વર્ષ અગાઉ સમાન સમયગાળામાં તે રૂ. ૫૯.૯ હતી. આ એપ્રિલ ૨૦૨૪માં પ્લેટ દીઠ ૫૬.૩ રૂપિયાની કિંમત કરતાં ઓછી છે. માંસાહારી થાળીમાં અન્ય તમામ સામગ્રી સમાન હોય છે, પરંતુ દાળને બદલે ચિકન મીટ હોય છે.

રિપોર્ટ અનુસાર શાકાહારી થાળીની કિંમતમાં કુલ વધારાનું કારણ ટામેટાના ભાવમાં ૩૯ ટકા, બટકાના ભાવમાં ૪૧ ટકા અને ડુંગળીના ભાવમાં ૪૩ ટકાનો વધારો થયો છે. ક્રિસિલના રિપોર્ટ અનુસાર 'રવિ પાકના વિસ્તારમાં મોટા પ્રમાણમાં ઘટાડાના કારણે ડુંગળી આવક ઘટી તથા પશ્ચિમ બંગાળમાં પાક ખરાબ થતાં બટાકાની આવક ઘટતાં આ શાકભાજીઓના ભાવમાં વધારો થયો. આ ઉપરાંત ચોખા અને દાળના ભાવમાં પણ ક્રમશઃ ૧૩ ટકા અને ૨૧ ટકાનો વધારો થયો છે. જોકે જીરું, મરચું અને વનસ્પતિ તેલના ભાવમાં ૩૭ ટકા, ૨૫ ટકા અને આઠા ટકાનો વધારો થતાં શાકાહારી થાળીના ખર્ચમાં વધુ વધારો જોવા મળ્યો નથી.

# મોદીની નવી કેબિનેટમાં પરાજય બાદ પણ સ્મૃતિ ઈરાનીને મંત્રી બનાવાય તેવી સંભાવના

નવીદિલ્હી,

દેશમાં ફરી એકવાર નરેન્દ્ર મોદીની સરકાર બનવા જઈ રહી છે. પીએમ નરેન્દ્ર મોદી (મોદી ૩.૦) સતત ત્રીજી વખત વડાપ્રધાન તરીકે શપથ લેવા જઈ રહ્યા છે. એનડીએનો શપથ ગ્રહણ સમારોહ રવિવારે સાંજે ૬ વાગ્યે યોજાશે. દેશ-વિદેશના મોટા નેતાઓ આ ઐતિહાસિક ક્ષણના સાક્ષી બનશે. આ દરમિયાન પીએમ મોદીની નવી ટીમ (પીએમ મોદી ન્યૂ કેબિનેટ)માં કોનો સમાવેશ થશે તેના પર સૌની નજર છે. કોણ બનશે મંત્રી? જૂના ચહેરાઓને ફરીથી મંત્રીમંડળમાં સ્થાન મળશે કે પછી નવા ચહેરાઓને જ સ્થાન આપવામાં આવશે. જો કે આ અંગે કોઈ સત્તાવાર ચર્ચા થઈ નથી, પરંતુ અંદરથી કેટલાક સમાચાર સામે આવ્યા છે.

સૂત્રોને ટાંકીને, અહેવાલ છે કે સરકારમાં સાથી પક્ષોના હિસ્સા પર ચર્ચા કરવામાં આવશે અને અંતિમ નિર્ણય લેવામાં આવશે.પીએમ મોદી એનડીએ સંસદીય દળના નેતા તરીકે ચૂંટાયા બાદ સહયોગીઓની ભૂમિકા પર ચર્ચા થઈ શકે છે. તમને જણાવી દઈએ કે સરકાર બનાવવાની તૈયારીઓ વચ્ચે સહયોગી દળોએ મહત્વપૂર્ણ વિભાગોની માંગણી કરી છે. હવે ભાજપ સામે પડકાર એ છે કે તેમને અવગણવું નહીં. કેબિનેટની રચના એ રીતે કરવી પડશે કે સાથી પક્ષોમાં નારાજગી ન હોય.

મોદી સરકારના જે સંભવિત મંત્રીઓના નામની ચર્ચા છે તેમાં એસ જયશંકર નીતિન ગડકરી રાજનાથ સિંહ સ્મૃતિ ઈરાની અમિત શાહ પીયુષ ગોયલ ચિરાગ પાસવાન બંસુરી સ્વરાજરામબીર સિંહ બિધુરી રાજીવ પ્રતાપ રૂડીઅનુરાગ ઠાકુરગેન્દ્ર સિંહ શેખાવતલાલન સિંહ ભૂપેન્દ્ર યાદવ છે

ભાજપના બે મહત્વપૂર્ણ સહયોગી જેડીયુ અને ટીડીપીના નજીકના સૂત્રોનું કહેવું છે કે વિભાગો અને તેમના હિસ્સા પર હજુ સુધી કોઈ ચર્ચા થઈ નથી. ભાજપના એક સૂત્રના જણાવ્યા અનુસાર આનો નિર્ણય વડાપ્રધાન લેશે.

# સુરત એરપોર્ટ પરથી મહિલા પાસેથી રૂ. ૪૧ લાખનું સોનું ઝડપાયું



સુરત,

સુરત એરપોર્ટ પરથી એક મહિલા ૪૧ લાખ રૂપિયાના સોના સાથે ઝડપાઈ છે. કસ્ટમ અને ડીઆરઆઈ વિભાગે રાતે એક મહિલાને શંકાના આધારે ઝડપી હતી. મહિલાની તપાસ કરતા તેના પાસેથી કેપ્સ્યુલમાં સંતાડેલું ૫૦૦ ગ્રામ ગોલ્ડ મળી આવ્યું હતું.

મહિલા બંને કેપ્સ્યૂલ તેમનાં પ્રાઈવેટ પાર્ટમાં સંતાડીને લાવી હતી. આ મહિલા ૪ મહિના પહેલા ૪ વખત દુબઈ ગઈ હતી. આ મહિલાને બુધવારે રાત્રે જ એરપોર્ટ પરથી ઝડપી લેવામાં આવી હતી. કસ્ટમ અને ડીઆરઆઈ વિભાગને આ મહિલા દુબઈથી આવતી ફ્લાઈટમાં ગોલ્ડ લાવી રહી હોવાની બાતમી મળી હતી. મહિલાની અટકાયત કર્યા બાદ મહિલાને એક્સ રે કરાવવાનું કહેતા મહિલા દ્વારા આનાકાની કરવામાં આવી હતી. જે બાદ તેને જજનાં બંગલે લઈ જવામાં આવી હતી.

જજનાં બંગલે લઈ ગયા બાદ સરકાર પક્ષની દલીલો બાદ રાત્રે બે વાગ્યે મહિલાનો એક્સરે કરવામાં આવ્યો હતો. જેમાં મહિલાનાં પ્રાઈવેટ પાર્ટમાંથી બે કેપ્સ્યૂલ મળી આવી હતી. જે બાદ કસ્ટમ વિભાગ દ્વારા બંને કેપ્સ્યૂલને પીગાળવા માટે કોર્ટની મંજૂરી માંગ્યા બાદ બંને કેપ્સ્યૂલને પીગાળવામાં આવી હતી. કેપ્સ્યૂલ પીગાળ્યા બાદ ૫૫૦ ગ્રામ સોનું મળી આવ્યું હતું. જે બાદ મહિલાનું સ્ટેસમેન્ટ લઈ મહિલાને જવા દેવામાં આવી હતી.

# રાજ્યમાં અંગ દઝાડતી ગરમી, ૩ શહેરોમાં તાપમાન ૪૨ ડિગ્રી પાર

અમદાવાદ,

ગુજરાત રાજ્યમાં અંગ દઝાડતી ગરમી યથાવત છે. જેમાં રાજ્યના ત્રણ શહેરોમાં તાપમાન ૪૨ ડિગ્રી પાર નોંધાયું છે. તેમાં સૌથી વધુ તાપમાન વલ્લભ વિદ્યાનગરમાં ૪૨.૭ ડિગ્રી નોંધાયુ છે.તેમજ અમદાવાદ ૪૨.૦ ડિગ્રી, સુરેન્દ્રનગર ૪૨.૩ ડિગ્રી તાપમાન રહ્યું છે. તથા ગાંધીનગર ૪૧.૮ ડિગ્રી,રાજકોટ ૪૧.૯ ડિગ્રી તાપમાન રહ્યું છે.હવામાન કચેરીના પ્રવકતાના જણાવ્યા મુજબ સુરતનું અધિકતમ તાપમાન ૩૬.૮ ડિગ્રી, લઘુતમ તાપમાન ૨૯.૫ ડિગ્રી છે. હવામાં ભેજનું પ્રમાણ ૫૩ ટકા, હવાનું દબાણ ૧૦૦૫.૦ મિલીબાર અને દક્ષિણ-પશ્ચિમ દિશામાંથી કલાકના નવ કિ.મીની ઝડપે પવન ફુંકાયા હતા. દરમ્યાન ગત દિવસો કરતા તાપમાનમાં અડધો ડિગ્રીનો વધારો નોંધાયો છે. સાથે જ અસહય ગરમી, ઉકળાટ અને ભારે બફારાથી શહેરીજનો મુશ્કેલી અનુભવી રહ્યા છે. દરમ્યાન ભારતીય હવામાન વિભાગ દ્વારા અઠવાડિયાના જાહેર થયેલા ફોરકાસ્ટમાં આજે શુક્રવારે સુરત શહેરના કેટલાક વિસ્તારો સહિત ડાંગ, નવસારી, વલસાડના કેટલાક વિસ્તારોમાં તોફાની વરસાદ વરસી શકે તેવી આગાહી કરાઈ હોવાથી તંત્ર એલર્ટ થઈ ગયુ છે.રાજ્યમાં ગરમીની વિદાયનો પ્રારંભ આજથી થઈ ગયો છે. આજથી રાજ્યમાં પ્રિ-મોન્સુન વરસાદની આગાહી છે. ચોમાસાના એક સપ્તાહ પહેલા રાજ્યમાં વરસાદની આગાહી છે. એટલે આજથી ગુજરાતના વાતાવરણમાં મોટો પલટો આવશે. આજથી જ ગુજરાતમાં વરસાદ આવી જશે અને પ્રિ-મોન્સૂનના વરસાદ બાદ ચોમાસાનું આગમન થશે. રાજ્યમાં આજથી ૧૧ જુન સુધી વરસાદની હવામાન વિભાગે આગાહી કરી છે. રાજ્યના અનેક વિસ્તારોમાં સામાન્યથી મધ્યમ વરસાદ આવી પડશે. ગાજવીજ અને ભારે પવન સાથે વરસાદનું અનુમાન છે. ૯ જૂન થી ૧૧ જૂન મધ્યમ થી ભારે વરસાદની આગાહી છે.

# રાહુલ ગાંધી નેતા વિપક્ષ બનીને વિપક્ષનો અવાજ મજબૂત કરી શકે છે

નવીદિલ્હી,

લોકસભા ચૂંટણી ૨૦૨૪માં કોંગ્રેસ બીજી સૌથી મોટી પાર્ટી બનીને ઉભરી છે. પાર્ટીના ૯૯ ઉમેદવારો ચૂંટણી જીત્યા છે. જ્યારે મહારાષ્ટ્રના સાંગલીથી અપક્ષ ચૂંટાઈ આવેલા વિશાલ પાટિલે પણ પોતાનું સમર્થન કોંગ્રેસને જાહેર કર્યું છે. એનડીએ હાલ સરકાર બનાવવાની તૈયારીઓ કરી રહ્યુ છે અને ઈન્ડિયા ગઠબંધન હાલ તો વિપક્ષમાં બેસવા માટે તૈયાર થઈ ગયું છે. છેલ્લા ૧૦ વર્ષથી લોકસભામાં વિપક્ષના નેતાનું પદ ખાલી હતું. આ પદ મેળવવા માટે વિપક્ષ પાર્ટી પાસે ઓછામાં ઓછી ૧૦ ટકા સીટો હોવી જરૂરી છે. જ્યારે ૨૦૧૪ અને ૨૦૧૯માં કોંગ્રેસના સાંસદોની સંખ્યા ૫૪થી પણ ઓછી હતી. આવામાં આ પદ ખાલી હતું પરંતુ હવે આ પદના સૌથી મોટા દાવેદાર રાહુલ ગાંધી છે. રિપોર્ટ્સમાં એવી અટકળો છે કે રાહુલ ગાંધી નેતા વિપક્ષ બનીને વિપક્ષનો અવાજ મજબૂત કરી શકે છે. જો કે રાહુલ ગાંધી ૨૦૧૪ અને ૨૦૧૯માં કોંગ્રેસ સંસદીય દળના નેતા બન્યા નહતા. જો રાહુલ ગાંધી નેતા પ્રતિપક્ષ બને તો તેમના ઉપર ઘણી મોટી જવાબદારી પણ હશે. નેતા વિપક્ષ અનેક મહત્વપૂર્ણ સમિતિઓના સભ્ય હોય છે જેમાંથી કેટલીક સમિતિઓ ઈડી અને સીબીઆઈ જેવી કેન્દ્રીય એજન્સીઓના મુખિયાને પસંદ કરવાનું કામ પણ કરે છે. નેતા વિપક્ષ કેન્દ્રીય સૂચના આયોગ, કેન્દ્રીય સતર્કતા આયોગના પ્રમુખની પસંદગીમાં પણ સહયોગની ભૂમિકા ભજવે છે. અનેક કાર્યોમાંપ્રધાનમંત્રી અને સ્પીકર સાથે તેમની નિયમિત વાતચીત પણ થાય છે. નેતા વિપક્ષના પદને વર્ષ ૧૯૭૭માં બંધારણીય માન્યતા મળી હતી. આ પદ પર રહેતા નેતાને કેબિનેટ મંત્રી સમકક્ષ પગાર, ભથ્થા અને સુવિધાઓ મળે છે. વિપક્ષના નેતાના પદનો બંધારણમાં ઉલ્લેખ નથી. તે સંસદીય સંવિધિમાં છે.

# નાયબ બાગાયતની કચેરી નડિયાદ દ્વારા મહિલાઓને ફળ અને શાકભાજી પરીક્ષણની તાલીમ આપવામાં આવી

## કિચન કેનિંગ યોજના અંતર્ગત કુલ ૩૫ બહેનોને સ્ટાઈપેન્ડ સાથે ૦૫ દિવસીય તાલીમનું આયોજન.

નડિયાદ, નાયબ બાગાયત નિયામકની કચેરી નડિયાદ દ્વારા સંતરામ ગર્લ્સ સ્કુલ, શાળા નં-૧૬, નડિયાદ ખાતે મહિલા સશક્તિકરણના હેતુ સાથે ૦૫ દિવસીય ફળ અને શાકભાજી પરીરક્ષણની મહિલા વૃતિકા તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં, કિચન કેનિંગ યોજના હેઠળ છ ગામ પાટીદાર સમાજ મહીલા મંડળની કુલ ૩૫ તાલીમાર્થી મહિલાઓને પ્રતિદિન રૂ. ૨૫૦ સ્ટાઈપેન્ડ સાથે વિવિધ વાનગીઓની બનાવટ શીખવવામાં આવે છે. જેમાં અત્યાર સુધીમાં આ તાલીમાર્થી મહિલાઓએ તા. ૦૬ જૂન, પ્રથમ દિવસે જામ, ટૂટીફુટી, ગુલાબ શરબત અને કેળાની છાલની સેવ અને બીજા દિવસે તો. ૦૭, જૂન ના રોજ ટામેટાની ચટણી, ટામેટા કેચપ, અને કાચી કેરીની વિવિધ બનાવટો બનાવવામાં આવી હતી.

આ પ્રસંગે નડિયાદના તાલીમાર્થી બહેન નેન્સી કેયુર પટેલે જણાવ્યું હતું કે, કિચન કેનીંગ યોજના અંતર્ગત મહિલા વૃતિકા કાર્યક્રમ તાલીમમાં જોડાઈને તેઓ અથાણા, જામ, ગુલાબ શરબત, કાચી કેરીની બરફી તથા ફળ અને શાકભાજીની વિવિધ વાનગીઓ બનાવતા શીખ્યા છે. જેનાથી તેઓને ભવિષ્યમાં ગૃહ ઉદ્યોગના આયોજન માટે પ્રેરણા મળી છે. સાથે જ તેઓને તાલીમ દરમિયાન ૫ દિવસ સુધી પ્રતિદિન રૂ.૨૫૦ સ્ટાઈપેન્ડ પણ મળે છે. માટે તેમણે અન્ય મહિલાઓને પણ આ તાલીમમાં જોડાવા માટે અપીલ કરી હતી.

વધુમાં, મહિલા વૃતિકા તાલીમથી મહિલા સશકિતકરણ કરવાનો આશય જણાવતા બાગાયત અધિકારી રવિ પંચાલે જણાવ્યુ હતુ કે આ યોજનાનો હેતુ મહિલાઓને ફળ અને શાકભાજીમાંથી વિવિધ વાનગી તેમજ અન્ય બનાવટો વગેરે શીખવીને તેમને ગૃહઉદ્યોગ ઉભો કરવાની પ્રેરણા આપવાનો છે.

આ કાર્યક્રમમાં બાગાયત અધિકારી રવિભાઈ પંચાલ, બાગાયત મદદનીશ મહેશ ચૌહાણ, ફિલ્ડ કનસલ્ટંટ પ્રિયંકાબેન વાઘેલા, તેમજ છ ગામ પાટીદાર સમાજ મહીલા મંડળ પ્રમુખઓ અને તાલીમાર્થી બહેનો હાજર રહ્યા હતા.

# સંતરામપુર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં બનાવેલ જાહેર શૌચાલય બિનઉપયોગી

સંતરામપુર, સંતરામપુર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં બનાવવા આવેલા જાહેર શૌચાલય બિનઉપયોગી બન્યા. સ્વચ્છ ભારત સ્વચ્છ મિશન હેઠળ અને મનરેગા યોજનામાં લાભાર્થીઓને સંતરામપુર તાલુકાના મોટાભાગના ગામડાઓમાં જાહેર શૌચાલય બનાવવા માટે કામગીરી હાથ કરવામાં આવેલી મોટાભાગના ગામોમાં જાહેર શૌચાલયનો ઉપયોગ ન કરી શકે તેવી સ્થળે ઊભા કરી દેવામાં આવેલા છે કેટલાક શૌચાલય ડુંગર વિસ્તારમાં કેટલાક શૌચાલય જ્યાં રસ્તો અને લોકો જઈ ના શકે તેવા વિસ્તારમાં બનાવવામાં આવેલા છે. તલાટી સરપંચ અને તાલુકા વિકાસ અધિકારી દ્વારા માત્ર લક્ષણ પૂરો



કરવા માટે આ રીતના શૌચાલય બનાવવામાં આવેલા હતા અને તેનો અત્યારે લાભાર્થીઓ ઉપયોગ પણ કરી શકતા નથી. તેવી પરિસ્થિતિ જોવા મળી આવેલી છે. સરકાર દ્વારા ફાળવેલી આટલી મોટી શૌચાલે પાછળનો ખર્ચાલી મોટી રકમ પાણીમાં જ ગઈ તેવી પરિસ્થિતિ જોવાઈ રહેલી છે. આ તસવીરો જોઈને કહી શકાય છે કે આ માત્ર શૌચાલય માત્ર સરકારી અધિકારીઓ સરપંચો તલાટીઓ પોતાનો ટાર્ગેટ અને પૂરો કરવામાં રસ રાખેલો છે. આશરે સંતરામપુર તાલુકામાં ૭૫ ગ્રામ પંચાયતોમાં આશરે ૧ લાખ ઉપરાંત બનાવેલા શૌચાલયમાં ૫૦% શૌચાલય હતો. આવી પરિસ્થિતિમાં જોવાયેલા છીએ લાભાર્થીના નામે ઊભા કરવામાં શૌચાલય પાસે જવા માટેનો રસ્તો નથી. જ્યારે બીજા જંગલ વિસ્તારમાં જ્યારે કેટલાક ડુંગરા ઉપર માત્ર કામગીરીમાં વેટ ઉતારવામાં આવી રહેલી છે. કેબીન ઊભા કરીને ટપ જ મૂકવામાં આવેલો છે, ના પાણીને ટાંકી સોસ ખાડો આવત કેટલાક ગામડાઓમાં અધુરી કામગીરી પણ જોવા મળી આવેલી છે. સરકારે આટલી મોટી રકમ ચૂકવ્યા પછી પણ લાભાર્થીઓને શૌચાલયનો હતો લાગતો મળ્યું જ નથી. ગંભીર બાબત છે.

# ૨૬ જૂન બુધવારના રોજ તાલુકા સ્વાગત કાર્યક્રમ યોજાશે


નડિયાદ, તાલુકા કક્ષાએ "તાલુકા સ્વાગત કાર્યક્રમ" તા.૨૬/૦૬/૨૦૨૪ ને બુધવારના રોજ વર્ગ-૧,૨ ના નોડલ અધિકારીના અધ્યક્ષ સ્થાને મામલતદાર કચેરી ખાતે યોજાનાર છે. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટેની અરજીઓ તા.૧૪/૦૬/૨૦૨૪ સુધીમાં સંબંધિત મામલતદાર કચેરી, નડીઆદ (શહેર/ગ્રામ્ય)/ ખેડા/ કપડવંજ/ મહેમદાવાદ/ઠાસરા/ મહુધા/કઠલાલ/માતર/વસો/ ગળતેશ્વરની કચેરીઓમાં ત્રણ નકલમાં સુવાચ્ય અક્ષરોમાં, એ/૪ કાગળ ઉપર કરવાની રહેશે. અરજદારનો પોતાનો પ્રશ્ન હોવો જોઈએ. તેમજ ગ્રામ્યકક્ષાએ સંબંધિત કચેરી ખાતે પહેલા રજુઆત કરેલી હોવી જોઈએ અથવા પ્રશ્ન તાલુકા કક્ષાનો હોવો જોઈએ. બીજાનો પ્રશ્ન રજુ કરી શકશે નહી. તેમજ એક જ વિષયની એક અરજી સ્વીકારવામાં આવશે. અરજદારે આધાર પુરાવા સહિત કરેલ અરજી તાલુકા સ્વાગત કાર્યક્રમમાં લેવામાં આવશે. અરજીના મથાળે "તાલુકા સ્વાગત કાર્યક્રમ" લખવાનું રહેશે. તેમજ અરજીમાં પોતાનો મોબાઈલ નંબર ફરજીયાત પણે દર્શાવવાનો રહેશે. પોસ્ટ કાર્ડ કે આંતરદેશિય પત્રો વિગેરે ઉપર અરજી કરી શકાશે નહી. તાલુકા સ્વાગત કાર્યક્રમમાં કોઈ પણ અરજદાર એકથી વધુ પ્રશ્નો પૂછી શકશે નહી.

આ કાર્યક્રમમાં ન્યાયીક તુલ્ય બાબતો, કોર્ટ મેટર, સ્ટે. (મનાઈ હુકમ), અપીલો, માહિતી અધિકાર અધિનિયમ, આકારણીને લગતા પ્રશ્નો તેમજ નોકરી, પેન્શન, રહેમરાહે નોકરીને લગતી બાબતોનો સમાવેશ કરવામાં આવશે નહીં. જેની નોંધ લેવા જનસંપર્ક અધિકારી, ખેડા-નડિયાદ દ્વારા જણાવાયુ છે.



રાજપુત સમાજ સેવા ટ્રસ્ટ લુણાવાડા-ખાનપુર આજરોજ તારીખ ૭ ૬ ૨૦૨૪નારોજ સવારે ૮:૩૦ કલાકે લુણાવાડા મહારાણા પ્રતાપ ચોકની સામે રાજપુત બોર્ડિંગ ભવનમાં રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટના પ્રમુખ જગદેવસિંહ નરસિંહસિસોદિયા તથા કારોબારી સભ્યો દ્વારા દીપ પ્રાગટ્ય કરી વિદ્યાર્થીઓને ચોપડા વિતરણ કરવામાં આવ્યા.

# લુણાવાડામાં બની અદ્‌ભુત ઘટના મોતીબાગ પાર્ટી પ્લોટમાં ટીંટોડીએ મૂક્યા છ ઈંડા



લુણાવાડા, દેશી વિજ્ઞાનના આધારે આપણા પૂર્વજો હવામાનતથા વરસાદ નીઆગાહી ટીંટોડીના ઈંડા પરથી અનુમાન કરતા હતા.

આમ, પણ ટીંટોડી વિશે ઘણી માન્યતાઓ છે. તે ક્યારેય ઝાડ પર બેસતી નથી અને કહેવાય છેકે, જ્યારે ઝાડ પર બેસેતો કઈંક કુદરતી મોટી હોનારત થાય. બીજી પણ માન્યતા છેકે તે તેના ઈંડા માંથી બચ્ચાનો જન્મ આપતી વખતે પારસ પથ્થરનો ઉપયોગ કરે છે. આમ, ટીંટોડી અજીબ માન્યતાઓ ધરાવતુ પક્ષી છે. આમ, તો ટીંટોડી બે-ત્રણ કે ચાર ઈંડા મૂકતીહોય છે. પરંતુ આ વખતે લુણાવાડાના મોતીબાગ પાર્ટી પ્લોટના મેદાનમાં ટીંટોડીએ છ ઈંડા મૂક્યા છે અને બધાજ ઈંડાના મૂખજમીન બાજુએ છે. જેથી કહી શકાય કે, આ વર્ષનુ ચોમાસું છ મહિના સુધી ચાલશે અને વરસાદ પણ ધોધમાર પડશે. હાલ મોતીબાગ પાર્ટી પ્લોટનો સ્ટાફ આ ટીટોડીના ઈંડાને નુકસાન ન થાય તેમાટે સંભાળ રાખી રહ્યાછે.

# અંત્યોદય શ્રમિક સુરક્ષા યોજના હેઠળ ગળતેશ્વરના મૃતકના પરિવારને મળી રૂ.૧૦ લાખની સહાય



નડિયાદ, કહે છે કે મિત્ર એવો શોધીએ જે ઢાલ સરીખો હોય. આજે શિક્ષણ, રોજગાર, આરોગ્ય, તકનીકી, કૌશલ્ય સહિત અનેકક્ષેત્રે યુવાનથી લઈને વૃદ્ધ સુધી તમામવયના લોકો માટે વિવિધ યોજનાઓના માધ્યમ સરકાર મિત્ર બનીને મદદ કરવા ખડેપડે ઉભી છે. કેન્દ્ર અને રાજ્ય સરકારની અનેકવિધ જનકલ્યાણકારી યોજનાઓથી આજે મધ્યમવર્ગીય વ્યકિત મુશ્કેલીઓને સાહસ અને સન્માનથી પાર પાડતો બન્યો છે. આવી જ એક કહાની ખેડા જીલ્લાનાં ગળતેશ્વરના ગામના મધ્યમ પરીવારની છે. રોડ અકસ્માતમાં જીવ ગુમાવનાર રીક્ષાચાલકને કેન્દ્ર સરકારની મહત્વકાંક્ષી યોજના એટલે કે અંત્યોદય શ્રમિક સુરક્ષા યોજનાનો લાભ મળ્યો છે. ગળતેશ્વરના મોટી માલવણના રહીશ સ્વ. ચંદ્રકાંતભાઈ અંબાલાલ વાણંદનું તા. ૦૧ જૂનના રોજ રોડ અકસ્માતમાં દુઃખદ મૃત્યુ થયેલ. ચંદ્રકાંતભાઈ વાણંદ રીક્ષા ચલાવીને પરીવારનું ગુજરાન ચલાવતા હતા. ત્યારે ચંદ્રકાંતભાઈનુ આકસ્મિક મૃત્યુ તેમના પરીવાર માટે દુખદ ઘટના બની છે. સ્વ. ચંદ્રકાંતભાઈ વાણંદના આકસ્મિક મૃત્યમાં ભારત સરકારની શ્રમિક અંત્યોદય યોજના તેમના પરિવારની એક મિત્ર તરીકે મદદે આવી છે. શ્રમિક અંત્યોદય યોજના અંતર્ગત સ્વ. ચંદ્રકાંતભાઈ વાણંદના પરિવારને રૂ. ૧૦ લાખની માતબર રકમનો વીમા ક્લેઈમ ચેક ખેડા જીલ્લા પોસ્ટ વિભાગ દ્વારા અર્પણ કરવામા આવ્યો છે.

સરકારની વીમા યોજનાથી મળેલ મદદ વિશે જણાવતા ચંદ્રકાંતભાઈના ભાઈ મહેન્દ્રભાઈ અંબાલાલ વાણંદ જણાવે છે કે, ભાઈનાં મૃત્યુ બાદ તેમનો પરિવાર આઘાતમાં સરી પડેલ અને તેમના પરિવારની તમામ જવાબદારીનો ભાર હવે મહેન્દ્રભાઈનાં ખભે છે. પરંતુ અંત્યોદય શ્રમિક સુરક્ષા વીમા યોજનાથી મળેલ રૂ.૧૦ લાખની સહાયથી તેઓને આર્થિક બળ મળ્યું છે. અને આવતા વર્ષોમાં પણ તેઓ તેમના ભાઈના પરિવારની મદદે મક્કમતાથી ઉભા રહી શકશે.ઉલ્લેખનીય છે કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને પૂર્વ કેન્દ્રીય રાજ્ય સંચાર મંત્રી દેવુસિંહ ચૌહણ ગત વર્ષે અંત્યોદય શ્રમિક સુરક્ષા યોજના ખેડા જીલ્લામાંથી પાયલોટ પ્રોજેક્ટ તરીકે સમગ્ર દેશમાં લોન્ચ કરવામાં આવી હતી. આ યોજના હેઠળ ખેડા જીલ્લા પોસ્ટ વિભાગ દ્વારા આજ દિન સુધી કુલ ૩૧ પરીવારોના વીમા ક્લેઈમ મંજૂર કરી કુલ રૂ. ૨૨,૦૫,૪૦૩ ની સહાય ચૂકવવામાં આવી છે.

## શું છે અંત્યોદય શ્રમિક સુરક્ષા યોજના?

અંત્યોદય શ્રમિક સુરક્ષા યોજનાએ ભારત સરકારની અતિ મહત્વકાંક્ષી વીમા જૂથ યોજના છે. જેનાથી શ્રમિકોને નજીવા પ્રિમિયમના દરે આકસ્મિક અવસાનના સંજોગોમાં વીમાનું રક્ષાકવચ આપવામા આવે છે. ઉંમર વર્ષ ૧૮ થી ૬૫ની કોઈ પણ શ્રમિક વ્યક્તિ આ વીમા યોજનાનો લાભ મેળવી શકે છે. જેમાં, દુર્ઘટનામાં મૃત્યુ, કાયમી/આંશિક વિકલાંગતાના કેસમાં વાર્ષિક રૂ. ૨૮૯ પ્રિમિયમની સામે રૂ. ૦૫ લાખ સુધી અને વાર્ષિક રૂ.૪૯૯ પ્રિમિયમ સામે રૂ.૧૦ લાખ સુધીનું વિમાકવચ મળે છે. આકસ્મિક હોસ્પીટલ ખર્ચ અને હોસ્પીટલના દાખલ થવાનો ખર્ચના કેસમાં અનુક્રમે ૫૦ હજાર અને ૦૧ લાખ સુધીની સહાય, અંતિમ સંસ્કાર વિધિ ખર્ચ, પાર્થિવ દેહ પરિવહન રૂ. ૫ હજાર સુધીની સહાય, કોમાના સંજોગોમાં એક વખતના લાભ તરીકે અનુક્રમે રૂ. ૫૦ હજાર અને રૂ ૧ લાખની સહાય, અને વિમાધારક સભ્યના આકસ્મિક મૃત્યુના કિસ્સામાં બે બાળકોના શિક્ષણ માટે રૂ. ૧ લાખ સુધીની સહાય આપવામાં આવે છે. અંત્યોદય શ્રમિક સુરક્ષા યોજના વિશે વધુ માહિતિ માટે નજીક પોસ્ટ ઓફીસ કે ડાકસેવક પાસેથી મળી શકશે.

# રેપો રેટમાં કોઈ ફેરફાર નથી, ૬.૫૦% રેટ યથાવત,

# લોકોએ સસ્તી લોન અને ઓછી ઈએમઆઈ માટે વધુ સમય સુધી રાહ જોવી પડશે

## નાણાકીય વર્ષ ૨૦૨૫ માટે વાસ્તવિક જીડીપી વૃદ્ધિ દર ૭ ટકાથી વધીને ૭.૨ ટકા થવાનો અંદાજ

મુંબઈ, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઇ)ના નેતૃત્વમાં મોનેટરી પોલિસી કમિટીએ શુક્રવારે પોલિસી રેટ એટલે કે રેપો રેટમાં કોઈ ફેરફાર કર્યો નથી. એટલે કે વ્યાજ દરો યથાવત રાખવામાં આવ્યા છે. આ રીતે, લોકોએ સસ્તી લોન અને ઓછી ઈએમઆઇ માટે વધુ રાહ જોવી પડશે. આરબીઆઈના ગવર્નર શક્તિકાંત દાસે આ જાહેરાત કરી હતી. આરબીઆઈની એમપીસીએ ૪:૨ બહુમતી સાથે રેપો રેટને ૬.૫% પર યથાવત રાખવાનો નિર્ણય કર્યો. દર નિર્ધારણ પેનલે પણ 'સગવડતા ઉપાડ' વલણ જાળવી રાખવાનું નક્કી કર્યું. રેપો રેટ એ વ્યાજ દર છે કે જેના પર આરબીઆઈ વ્યાપારી બેંકોને ભંડોળની અછત હોય ત્યારે લોન આપે છે. તે ફુગાવાના દબાણને નિયંત્રિત કરવા માટે નાણાકીય સત્તાવાળાઓ માટે એક સાધન તરીકે કામ કરે છે.

આરબીઆઈ ગવર્નરે કહ્યું કે જ્યારે ઈંધણના ભાવમાં સતત ઘટાડો થઈ રહ્યો છે, ત્યારે ખાદ્ય ફુગાવો ઊંચો છે. તેમણે જણાવ્યું હતું કે એમપીસી ફુગાવાના બાહ્ય જોખમો, ખાસ કરીને ખાદ્ય ફુગાવા પ્રત્યે સચેત છે, કારણ કે આ ડિફ્લેશનના માર્ગમાં વિલંબ કરી શકે છે. ભારતીય રિઝર્વ બેંક ફુગાવાને ભારતીય રિઝર્વ બેંકના લક્ષ્ય સ્તર સુધી ઘટાડવા અને ફુગાવાની અપેક્ષાઓ સ્થિર રાખવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. આરબીઆઈ ગવર્નરે કહ્યું કે આરબીઆઈ ટકાઉ ધોરણે ફુગાવાને ૪%ના લક્ષ્યાંક સુધી લાવવા માટે પ્રતિબદ્ધ છે.

દાસે કહ્યું કે નાણાકીય વર્ષ ૨૦૨૫ માટે વાસ્તવિક જીડીપી વૃદ્ધિ દર ૭ ટકાથી વધીને ૭.૨ ટકા થવાનો અંદાજ છે. આરબીઆઇ ગવર્નર શક્તિકાંત દાસે જણાવ્યું હતું કે શહેરી વિસ્તારોમાં સતત વિવેકાધીન ખર્ચ સાથે ખાનગી વપરાશમાં સુધારો થઈ રહ્યો છે. તેમણે કહ્યું કે રોકાણની ગતિવિધિઓ સતત વેગ પકડી રહી છે. એમ પણ જણાવ્યું હતું કે આઈએમડી દ્વારા દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની સામાન્ય કરતાં ઉપરની આગાહીથી ખરીફ ઉત્પાદનમાં વધારો થવાની ધારણા છે. ગવર્નરે કહ્યું કે ખાદ્ય ફુગાવો હજુ પણ આરબીઆઈ માટે મોટી ચિંતાનો વિષય છે. રાજ્યપાલે કહ્યું કે સામાન્ય કરતાં વધુ ચોમાસાની આગાહી ખરીફ પાક માટે સારી છે. સામાન્ય ચોમાસું ધારીને - નાણાકીય વર્ષ ૨૦૨૫ માટે સીપીઆઈ ૪.૫% હોવાનો અંદાજ છે.

આરબીઆઈ ગવર્નરે કહ્યું કે વૃદ્ધિ અને ફુગાવાના સંદર્ભમાં વિકાસ અપેક્ષા મુજબ છે. જ્યારે એફવાય ૨૦૨૫ માટે ૭.૨% ની અનુમાનિત વૃદ્ધિ સાકાર થશે, ત્યારે તે ભારત માટે ૭% કે તેથી વધુ વૃદ્ધિનું સતત ચોથું વર્ષ હશે. કયુ૪એફવાય૨૪ અને કયુ૧એફવાય ૨૫ ની વચ્ચે, ફુગાવો ૨.૩ ટકા ઘટ્યો. ખાદ્યપદાર્થોના ભાવમાં વારંવારની વધઘટથી ફુગાવામાં એકંદરે ઘટાડો થયો. ચાલુ વર્ષ માટે ચાલુ ખાતાની ખાધ લક્ષ્યાંકની અંદર રહેવાની ધારણા છે. સીએડી એટલે ચાલુ ખાતાની ખાધ.

દાસે કહ્યું કે ઉનાળાની ઋતુમાં શાકભાજીના ભાવ વધી રહ્યા છે. દાસે મુખ્યત્વે એલપીજીના ભાવમાં ઘટાડા માટે ઈંધણના ભાવમાં ઘટાડો કરવા માટે જવાબદાર ગણાવ્યા હતા. આરબીઆઈ ગવર્નરે કહ્યું કે ભારતીય રૂપિયાએ તેની સ્થિરતા જાળવી રાખી છે અને ૧૦ વર્ષની નોટમાં કોઈ ફેરફાર થયો નથી. હાલમાં, સ્થાનિક ચલણ યુએસ ડોલર સામે ૮૩.૪૭ પર ટ્રેડ થઈ રહ્યું છે. શક્તિકાંત દાસે જણાવ્યું હતું કે આરબીઆઈ ફાઈનાન્સ માર્કેટ અને તેના દ્વારા નિયંત્રિત સંસ્થાઓના તમામ વિભાગોમાં સ્થિરતા અને વ્યવસ્થા જાળવવા માટે પ્રતિબદ્ધ છે. દાસે જણાવ્યું હતું કે આરબીઆઈના નવેમ્બરના પગલાં પછી અસુરક્ષિત રિટેલ લોનમાં થોડો ઘટાડો થયો છે. તેમણે કહ્યું કે ગ્રાહક સુરક્ષા આરબીઆઈની પ્રાથમિકતાઓમાં ટોચ પર છે. તેમણે કહ્યું કે સંપત્તિ અને જવાબદારીઓ વચ્ચે સમજદાર સંતુલન જાળવવું જોઈએ. તેમણે એ પણ પુનરોચ્ચાર કર્યો કે ફેડ મહત્વ ધરાવે છે પરંતુ આરબીઆઈની કાર્યવાહી મુખ્યત્વે પરિસ્થિતિ અને સ્થાનિક વૃદ્ધિ અને ફુગાવાના એકંદર દષ્ટિકોણ પર આધારિત છે.

ગવર્નર શક્તિકાંત દાસે નાની કિંમતની લોન પર વ્યાજ દરો અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તેમના ઊંચા દર વિશે વાત કરી. તેમણે એમ પણ કહ્યું હતું કે કેટલીક કંપનીઓ એવા શુલ્ક વસૂલવાનું ચાલુ રાખે છે જે મુખ્ય મટીરીયલ સ્ટેટમેન્ટ્સમાં જાહેર કરવામાં આવતા નથી. પ્રાદેશિક ખેલાડીઓ સાથે જોડાણની જરૂરિયાત પર ભાર મૂકતા, ધિરાણ પ્રથાઓમાં પારદર્શિતા અને ન્યાયીપણાની ખાતરી કરવા માટે આ મુદ્દાઓને સંબોધિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.આરબીઆઈ ગવર્નરે જણાવ્યું હતું કે વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો નાણાકીય વર્ષ ૨૦૨૫ ની શરૂઆતથી સ્થાનિક બજારમાં ચોખ્ખા વેચાણકર્તા બની ગયા છે અને ૫ જૂન સુધી ૫ બિલિયનનો ચોખ્ખો આઉટફ્લો થયો છે. દાસે નાણાકીય વર્ષ ૨૦૨૪ દરમિયાન વિદેશી પોર્ટફોલિયો રોકાણકારના પ્રવાહમાં નોંધપાત્ર વધારાની જાહેરાત કરી હતી, જેમાં કુલ રોકાણપ્રવાહ ૪૧.૬ બિલિયનનો પ્રભાવશાળી હતો.

## આપની આજ.......

મેષ: આજનો દિવસ તમારા માટે શુભ છે અને આજે તમારું મન નવી યોજનાઓ કરવા માટે તૈયાર રહેશે. કોઈ મંદિર મુલાકાત લેવાનું વિચારી શકો છો, પરંતુ તમારે સામાજિક અંતરના નિયમોનું પાલન કરવું જોઈએ.

વૃષભ: આજે તમને નોકરી અને ધંધાકીય બાબતમાં પણ સફળતા મળી શકે છે. આજે સાંજના પાંચ વાગ્યા સુધીમાં ખાસ ડીલ ફાઈનલ થઈ શકે છે. સરકાર તરફથી વિશેષ સન્માન મળી શકે છે.

મિથુન: આજનો દિવસ ખૂબ વ્યસ્ત રહેવાનો છે. ધર્મ પ્રત્યે તમારી રુચિ ખૂબ વધી જશે. આ વ્યસ્તતામાં ભણવામાં થોડો સમય કાઢવો સારો રહેશે. ક્ષેત્રના વરિષ્ઠ અધિકારીઓ તમારા કામમાં વિક્ષેપ પાડવાનો પ્રયાસ કરશે.

કર્ક: આજનો દિવસ તમારા સ્વાસ્થ્ય માટે સજાગ રહેવાનો છે. હવામાનના બદલાવથી સમશીતોષ્ણુ વિકાર ઊભા થઈ શકે છે. ખોરાકમાં બેદરકારી ના રાખવી.

સિંહ: આજનો દિવસ તમને શુભ ફળ આપવાનો છે અને તમને આજે ફાયદાકારક પરિણામો મળશે. ધંધામાં જોખમ લેવાનું આજે ફાયદાકારક રહેશે. મુશ્કેલીઓ ધીરજ અને હળવા વર્તનથી સુધારી શકાય છે.

કન્યા: આજનો દિવસ તમારા માટે દરેક બાબતમાં સાવધ રહેવાનો છે. સંયમ અને સાવધાની રાખવી. આજુબાજુના લોકો સાથે કોઈ મુકાબલો ના થાય તો સારું. કોઈ શુભ કાર્યની ચર્ચા થઈ શકે છે.

તુલા: આજનો દિવસ ખૂબ સર્જનાત્મક છે. તમે કોઈપણ રચનાત્મક અને કલાત્મક કાર્ય પૂર્ણ કરવામાં દિવસો વિતાવી શકો છો. તમને આજે સૌથી વધુ ગમતું કામ કરવા મળશે અને તમે તેમાં સારું પ્રદર્શન કરી શકશો.

વૃશ્ચિક: આજનો દિવસ લાભકારી સાબિત થઈ શકે છે. કાર્ય વર્તનથી સંબંધિત તમામ વિવાદો આજે ઉકેલી શકાય છે. નવા પ્રોજેક્ટ પર પણ કેટલાક કામ શરૂ થઈ શકે છે.

ધન: આજે દરેક બાબતે ખાસ કાળજીથી સંભાળવાની જરૂર છે. ધંધાના કિસ્સામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની આશા છે. જો તમે રોજિંદા કાર્યો ઉપરાંત કેટલાક નવા કાર્યનો પ્રયાસ કરશો તો તમને ફાયદો થશે.

મકર: આજનો દિવસ સામાન્ય છે. પરિવાર સાથે ઘરે રહો અને સુરક્ષિત રહો. ખૂબ જ મહત્વપૂર્ણ કામ હોય તો જ બહાર જાઓ. ભાગીદારીમાં વેપાર કરવાથી ઘણો ફાયદો થશે. રોજિંદા ઘરના કામકાજને સંભાળવાની આજની સુવર્ણ તક છે.

કુંભ:આજનો દિવસ ઉત્તમ બની શકે છે. આજીવિકાની દ્રષ્ટિએ આજે તમને સફળતા મળશે. દિવસ દરમિયાન લાભની તકો મળશે, તેથી સાવચેત રહો. પરિવારમાં સુખ, શાંતિ અને સ્થિરતાનો આનંદ માણો.

મીન: આજનો દિવસ ખૂબ જ શુભ દિવસ છે અને તમને સારા પરિણામ મળશે. આજનો દિવસ બીજાને મદદ કરવાનો રહેશે. તમને નજીકના ભવિષ્યમાં પરિણામ પણ મળશે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# સંજેલી તાલુકામાં ૧૩૭ આંગણવાડી કેન્દ્રમાં તેલનો જથ્થો ન ફળવાતા બહેનોને ભારે હાલાકી

સંજેલી,

સંજેલી તાલુકાની ૧૩૭ આંગણવાડી કેન્દ્ર આવેલા છે. જેમાં ૦ થી ૬ માસ ૬ થી ૩ અને ૩ થી ૬ વર્ષ ૧૪થી૧૮ની કિશોરીઓ સાથે સગર્ભા ધાત્રી માતાઓની ૧૩૦૦૦ જેટલા લાભાર્થીઓની સંખ્યા આવેલી છે. જેમાં સરકાર દ્વારા વિવિધ યોજનાઓ કાર્યરત મૂકવામાં આવી છે, પણ છેલ્લા ૬ મહિનાથી તેલના ડબ્બાનો સ્ટોક ન ફાળવતા આંગણવાડી વર્કરોએ બજારમાંથી વેચાતું તેલ લેવાનો વારો આવ્યો છે. તેમજ પોષણ સુધાના બીલો પણ ૭ મહિનાના બાકી હોવાના કારણે આંગણવાડી વર્કરો બહેનોની હાલત કફોડી બની છે. પોષણ સુધા યોજનાના બિલો એડવાન્સમાં બિલો નાખવા માટે પરિપત્ર હોવા છતાં ૬,૭, મહિના જેટલા ટાઈમ થી બીલો પેન્ડિંગ હોવાના કારણે આંગણવાડી વર્કર બહેનોને ભારે હાલાકી નો સામનો કરવો પડી રહ્યો છે. આઈસીડીએસ વિભાગની બેદરકારી હોય તેમ જોવારહ્યું છે. તાલુકાની આંગણવાડી વર્કરો બહેનો પોતાના પૈસાથી તેલ ખરીદીને બાળકો તેમજ સગર્ભા ધાત્રી બહેનોનું ભોજન બનાવિને આપવા મજબૂર બન્યા છે. સાથે બીલો પણ પેન્ડિંગ હોવાથી વર્કર બહેનો ક્યાંથી પૈસા લાવીને મરચું, મસાલો, તેલ, ગોળ, શાકભાજી સહિતની ખરીદી કરે વહેલી તકે આઈસીડીએસ વિભાગ દ્વારા પોષણ સુધા ના બીલો નાખવામાં આવે સાથે ૧૩૭ આંગણવાડી કેન્દ્રમાં તેલના ડબ્બા ફાળવવામાં આવે તેવી વર્કર બહેનોની માંગ ઉઠવા પામી છે.

- આઈસીડીએસ વિભાગ દ્વારા તેલ જથ્થો ન ફળવાતા વર્કરોને વેચાતું તેલ લાવવાનો વારો.
- ૭ મહિના થી પોષણ સુધાના યોજનાના બીલો પેન્ડિંગ હોવાના કારણે આંગણવાડી વર્કરો પાસે ખરીદી કરવાના પૈસા જ નથી.
- ૬ મહિનાથી તેમના ડબ્બા જથ્થો પેન્ડિંગ સાથે પોષણ સુધાના બિલો પણ પેન્ડિંગ? બહેનો પૈસા વગર ખરીદી ક્યાંથી કરશે?

આંગણવાડી કેન્દ્રમાં તેલનો જથ્થો ન ફરવાતા આઈસીડીએસ વિભાગમા નેહાબેનને ફોન કરતા તેમને એકબીજા પર ખો મૂકી ગોળ ગોળ જવાબ આપવામાં આવે છે કે હું ક્યાં સ્ટોક ફાળવું છું તમને કોને કીધું આ મારા અંડરમાં આવે એવું કોને કીધું તમે એનું નામ કહો પછી હું માહિતી આપીશ ? પછી કહે છે તેલના ડબ્બાની ડિમાન્ડ કરી છે, પણ ઉપરથી સ્ટોક ફાળવવામાં આવ્યો નથી કહી ફોન મૂકી દીધો.

: નેહાબેન પોષણ સુધા યોજના. :

## દાહોદ ગોધરા રોડ પર રહેતા બાપ-બેટાનું કારસ્તાન

# પોતાની માલિકીના વેચાણ કરેલા બે પ્લોટોનો ફરીવાર રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરી વેચી મારતા પકડાયા

દાહોદ,

દાહોદ ગોધરા રોડ પર રહેતા બાપ બેટાએ કરેલા કારસ્તાનમાં પોતાની માલિકીની જમીનમાં પાડેલા બે પ્લોટોનું રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરી વેચાણ કર્યા બાદ ફરીવાર વેચાણ કરેલા તેજ બે પ્લોટોનું રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરી ફટકારી મારવાનો કારસો રચતા તપાસમાં બંને બાપ બેટાનો ભાંડો ફૂટતા તે બંને વિરૂદ્ધ પોલીસમા ફરિયાદ કરાયાનું પોલીસ સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે.

દાહોદ શહેરના ગોધરા રોડ પર આવેલ પ્રથમ સોપાન એપાર્ટમેન્ટમાં રહેતા અશોકકુમાર રામચંદ્ર વાસ્તવ અને તેમના પુત્ર સુદેશકુમાર અશોકકુમાર વાસ્તવ એમ બંને બાપ દીકરાએ ભેગા મળી દાહોદમાં આવેલી પોતાની સીટી સર્વે નંબર ૭૭૧૪ ની રેવન્યુ સર્વે નંબર ૧૫૬/અ/૧ વાળી જમીનમાં પાડેલા પ્લોટોમાંથી પ્લોટ નંબર ૭૭૧૪/ ૨૬, પ્લોટ નંબર ૭૭૧૪/૨૭, પ્લોટ નંબર૭૭૧૪/૨૮, પ્લોટ નંબર ૭૭૧૪/૨૯, પ્લોટ નંબર ૭૭૧૪/૩૦, પ્લોટ નંબર૭૭૧૪/૩૧ તથા પ્લોટ નંબર ૭૭૧૪/૩૨ એમ કુલ સાત પ્લોટો તારીખ ૧૯-૭-૨૦૨૩ના રોજ દાહોદ ગોદી રોડ ફકરી મંઝિલ કેજી કોમ્પલેક્ષમાં રહેતા આમિર મુનવવર મલેક તથા અન્યને ગડી ફોર્ટ સબ રજીસ્ટ્રાર ઓફિસમાં રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરી તે પ્લોટો વેચાણ આપ્યા હતા. જેમાંથી આમિર મુનવર મલેકને વેચાણ આપેલ પ્લોટ નંબર ૭૭૧૪/૨૮ તથા પ્લોટ નંબર ૭૭૧૪ /૨૯ બે પ્લોટો ગોધરા રોડના અશોક કુમાર વાસ્તવ તથા તેના પુત્ર સુદેશકુમાર વાસ્તવે આ અગાઉ તારીખ ૭-૩-૨૦૨૩ના રોજ જગદીશ કુમાર લક્ષ્મણસિંહ હાંડાને રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરી વેચાણ આપી દઈ તે જ બંને પ્લોટાના ફરીવાર રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરી વિશ્વાસઘાત કર્યો હોવાનું બહાર આવતા દાહોદ ગોદી રોડ ફખરી મંઝિલ કે.જી કોમ્પ્લેક્ષમાં રહેતા આમિરભાઈ મુનવવરભાઈ મલેકે દાહોદ એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં આ સંબંધે ફરિયાદ નોંધાવતા દાહોદ એ ડિવિઝન પોલીસે આ મામલે દાહોદ ગોધરા રોડ પ્રથમ સોપાન એપાર્ટમેન્ટમાં રહેતા અશોકકુમાર રામચંદ્ર વાસ્તવ તથા તેના પુત્ર સુદેશકુમાર અશોકકુમાર વાસ્તવ વિરૂદ્ધ ઈપી કો કલમ ૪૦૬ ૪૨૦ ૧૧૪ મુજબ છેતરપિંડી વિશ્વાસઘાતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી બંને બાપ-બેટાની ઘરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

# ગરબાડા તાલુકાના સીમળીયા બુઝર્ગ ગામે ખેતરમાં ગવારસિંગ તોડતા યુવક ઉપર દીપડાનો હુમલો



ગરબાડા,

પ્રાપ્ત વિગતો અનુસાર ગરબાડા તાલુકાના સીમળીયા બુઝર્ગ ગામ ના રાસકી ફળિયામાં રહેતા પરમાર મેહુલભાઈ દીતાભાઈ પોતાના ખેતરમાં બપોરના સમયે ગવારસિંગ તોડી રહ્યા હતા. તે દરમિયાન અચાનક પાછળથી દીપડાએ હુમલો કરતા મેહુલભાઈને પાછળ પીઠના ભાગે તેમજ છાતીના ભાગે ઈજાઓ થવા પામી હતી. જેથી તેમને સારવાર માટે ગરબાડાના સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ વન વિભાગને થતા તેઓ પણ ઘટના સ્થળે દોડી ગયા હતા અને આગળને કાર્યવાહી હાથ ધરી હતી. આ બાબતે ગરબાડા રેન્જના વન વિભાગના RFO એમ.એલ.બારીયા સાથે વાતચીત કરતા તેમને જણાવ્યું હતું કે દીપડો છે, તે તેના નાના બચ્ચા સાથે હોઈ શકે. જેના કારણે દીપડાએ હુમલો કર્યો હોવાનું અનુમાન લગાવવામાં આવી રહીયું છે. જેમાં દીપડાને પકડવા માટે વન વિભાગ દ્વારા પાંજરાની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

# ઝાલોદ તાલુકાના ચણાસર મુકામે અચાનક એક મકાનને આગ લાગતા ૨,૭૯,૦૦૦ નુકશાન



ઝાલોદ,

ઝાલોદ તાલુકાના રણીયાર સરકારી ગ્રામ પંચાયત હેઠળ ડુંગર ફળિયામાં ચણાસરના રહીશ ભાભોર કસુભાઈ મલાભાઈના મકાનમા બુધવારના રોજ સાંજના સમય દરમ્યાન અચાનક આગ લાગવાથી ઘર બળી ગયેલ હતું. અચાનક આગ લાગતા આગ ઓલવવા માટે ઝાલોદ ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી. તાત્કાલિક ફાયર બ્રિગેડ આવતા આગ પર કાબુ મેળવ્યો હતો, પરંતુ આગની ચપેટમા આખું ઘર તેમજ ઘર તેમજ ઘરની સરસામાન ભસ્મીભૂત થઈ ગયેલ હતું. સદનસીબે આ આગની હોનારત કોઈ પશુધન કે વ્યકિતને કોઈ જાનહાનિ થયેલ નથી. આ આગ લાગતા મકાનની અંદર થયેલ નુકશાનનો અંદાજો તલાટી દ્વારા કાઢવામાં આવેલ હતો. આ મકાનમાં લાકડાના પાટ આઠ નંગ જેની અંદાજીત કિંમત ૬૪,૦૦૦, લાકડાની વળી ૩૦૦ નંગ ૪૫,૦૦૦, વીલાયતી નળીયા ૪,૦૦૦ નંગ ૬૦,૦૦૦, ઘરની અંદર અનાજ તેમજ અન્ય ઘર વખરી ૯૦,૦૦૦ , રોકડ રકમ ૨૦,૦૦૦ થઈ કુલ ૨,૭૯,૦૦૦ રૂપિયાનું અંદાજીત નુકશાન થયેલ છે. આ મકાનને અચાનક આગ લાગતા આ અકસ્માતમાં થયેલ નુકશાન માટે તાલુકા વિકાસ અધિકારી તાલુકા ખાતે અરજી કરી મકાન માલિક દ્વારા વળતર માટે માંગણી કરવામાં આવેલ છે. જેથી બે ઘર થયેલ વ્યકિતને પોતાનું મકાન આવનાર સમયમાં જલ્દી મળી જાય તે માટે અરજી કરી માંગ કરવામાં આવેલ છે.

# ગરબાડાના રામનાથ તળાવમાં નાવા ગયેલા આધેડનું ડૂબી જવાથી મોત



ગરબાડા,

તારીખ ૬ના ગરબાડાના રામનાથ તળાવમાં એક વ્યક્તિ ડૂબી ગયો હોવાની માહિતી ગરબાડા પોલીસને મળતા પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને મૃતદેહ ને તળાવમાં શોધવાની તજવીજ હાથ ધરી હતી. તેમ છતાં મૃતદેહ ના મળતા ગરબાડા પોલીસ દ્વારા NDRFની ટીમને ઘટનાની જાણ કરવામાં આવી હતી એન.ડી.આર.એફ. દ્વારા શોધખોળ કરતા મૃતદેહ મળી આવ્યો હતો. જે મૃતદેહ ગરબાડા તાલુકાના સીમલીયા બુઝર્ગ ગામના કોદરભાઈ હીરાભાઈ રાઠોડ ઉંમર ૭૩ વર્ષ હોવાનું સામે આવ્યું હતું. જેઓ ગત તારીખ ૬ જૂનના રોજ સવારના દસેક વાગ્યાના અરસમાં ઘરે થી સરકારી મંડળીમાં ખાતરની તપાસ કરી આવું તેમ કહી નીકળ્યા હતા. તેઓ ગરબાડાના રામનાથ તળાવમાં નાહવા જતા તળાવમાં ડૂબી જવાથી તેમનું મોત નિભ્યું હતું. ઘટના સંદર્ભે ગરબાડા પોલીસ ઘટના સ્થળે પહોંચી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે નવા ફળિયા આરોગ્ય કેન્દ્ર ખાતે મોકલી અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ઈએમઆરઆઈ ગ્રીન હેલ્થ સર્વિસ ૧૦૮ની ટીમે સગર્ભા મહિલાની સ્થળ પર સફળ પ્રસૂતી કરાવી



દાહોદ,

દાહોદ જીલ્લાનાં ટુંકી વજુ ગામના સ્થાનિક સગર્ભા મહિલાને પ્રસુતિની પીડા ઉપડતાં ૧૦૮ની મદદ લેવામાં આવી હતી. ૧૦૮ની ટીમ તાત્કાલિક ટુંકી વજુ ગામે પહોંચી સગર્ભા મહિલાને તપાસતા સગર્ભાને પ્રસુતિનુ અસહ્ય દુઃખાવો હોવા છતાં ૧૦૮ની ટીમે સફળતા પુર્વક જોખમી જુડબા બાળકોની પ્રસૂતી કરાવી માતા અને નવજાત બાળકોને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા.ટુંકી વજુ ગામમાં રહેતી એક સગર્ભા મહિલાને પ્રસૂતાની પીડા ઉપડતા તેમને ૧૦૮ની મદદ લેવામાં આવી હતી. ઈ.એમ.ટી. તુષારભાઈ તિતરિયા અને પાયલટ પ્રવીણભાઈ ભરવાડ પંચવાડા ૧૦૮ની ટીમ તાત્કાલિક ટુંકી વજુ ગામે પહોંચી સગર્ભા મહિલાને તપાસતા મહિલાને ખુબ જ પીડા હોવાથી સ્થળ પર ડિલિવરી કરાવવાની જરૂર પડી હતી અને જુડવા બાળકો હોવાથી આ પ્રસુતા માતા ખૂબ જ જોખમી હોવાથી સગર્ભા મહિલા દર્દીની ઈ.એમ.ટી. તુષારભાઈ દ્વારા ઈમરજન્સી ફીઝિસિયનની સલાહ મુજબ સફળતા પૂર્વક પ્રસૂતિ કરવામાં આવી હતી. એક નવજાત બાળકને શ્વાસ લેવામાં તકલીફ હોવાના કારણે કૃત્રિમ રીતે શ્વાસ આપીને જીવન રક્ષણ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ માતા અને નવજાત બાળકોને પ્રાથમિક સારવાર આપ્યા બાદ ઝાયડસ સરકારી હોસ્પિટલમાં શિફ્ટ કરવામાં આવ્યા હતા. આ તકે દર્દીના પરિવારજનોએ ૧૦૮ના સ્ટાફની કામગીરીને બિરદાવી હતી.

# ઝાલોદ તાલુકાના ચણાસર મુકામે થી 30 હજારના વિદેશી દારૂ સાથે એક ઈસમની અટકાયત કરાઈ

ઝાલોદ,

ઝાલોદ તાલુકાનની લીમડી પોલીસ ગેરકાયદે પ્રવૃત્તિ ડામવા તેમજ ગેરકાયદેસર પ્રવૃત્તિ કરનાર વ્યકિતની વોચ કરવા પેટ્રોલીંગમા હતી. તે દરમ્યાન લીમડી પોલીસને બાતમી મળેલ હતી કે ઝાલોદ તરફ થી એક વ્યક્તિ સ્પલેન્ડર મોટર સાયકલ GJ-20-L-0931 પર વિદેશી દારૂ લઈ રણીયાર ચણાસર મુકામે આવી રહેલ છે. તે બાતમીને આધારે રણીયાર મંદીર ફળીયામા લીમડી પોલીસ વોચ કરી રહેલ હતી. ત્યારે બાતમી વાળુ વાહન આવતા આવનાર ઈસમને રોકતા તેની પાસે ગાડી ઉપર મુકેલ કોથળાની તલાસી લેતા તેમાં વિદેશી દારૂનો જથ્થો મળી આવેલ હતો.

પોલીસ દ્વારા પૂછપરછ કરવામાં આવતા ઈસમે પોતાનું નામ ઈગ્નેશ શંકર ભાભોર ( માંડલીખૂંટા, ઝાલોદ) બતાવેલ હતું. આ ઈસમ પાસેથી પોલીસને ૨૧૬ નંગ વિદેશી દારૂની બોટલ જેની અંદાજીત કિંમત ૩૦૦૦૦ અને મોટરસાયકલની કિંમત ૩૫,૦૦૦ થઈ કુલ ૬૫,૦૦૦ ના મુદ્દામાલની અટકાયત કરી આગળની કાયદેસરની કાર્યવાહી પોલીસ દ્વારા હાથ ધરવામાં આવેલ છે.

# દે.બારીયાના સીંગેડી ગામે બાઈક સ્લીપ ખાઈ જતાં બાઈક સવાર ૩ પૈકી એકનું મોત

દાહોદ,

દાહોદ જીલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના સીંગેડી ગામે એક મોટરસાયકલ ના ચાલકે મોટરસાયકલ પુર ઝડપે હંકારી લાવતા મોટરસાયકલ સ્લીપ ખાઈ જતા મોટર સાયકલ પર સવાર ત્રણ પૈકી એકનું મોત નીપજ્યાનું જ્યારે અન્ય એકને શરીરે ઈજાઓ પહોંચતા તેમને નજીકના દવાખાને સારવાર માટે લઈ ગયાનું જાણવા મળે છે.

ગત તારીખ ૬ જૂનના રોજ છોટાઉદેપુર જીલ્લાના પાવીજેતપુર તાલુકામાં ખટાસ ગામે મંદિર ફળિયામાં રહેતા જગદીશ ઉર્ફે કાળીયો કલ્યાણસિંહ ઉર્ફે કોલનભાઈ બારીયા નાએ પોતાના કબજાની મોટરસાયકલ પર માલીયાભાઈ હિમતાભાઈ રાઠવા અને રમણભાઈ ભારૂભાઈ નાયકા આ બંનેને પોતાના કબજાની મોટરસાયકલ પર બેસાડી દેવગઢ બારિઆ તાલુકાના સીંગેડી ગામેથી પૂર ઝડપે અને ગફલત ભરી રીતે પસાર થઈ રહ્યો હતો. ત્યારે મોટરસાયકલની વધુ પડતી ઝડપને કારણે મોટર સાયકલ સ્લીપ ખાઈ ગઈ હતી. જેને પગલે મોટરસાયકલ પર સવાર ઉપરોક્ત ત્રણેય જણા મોટરસાયકલ પરથી ફંગોળાઈ જમીન પર ભટકાયા હતા. જેને પગલે પાછળ બેઠેલ માલિયાભાઈ ને શરીરે રીતે તેમજ હાથે, પગે ગંભીર ઈજાઓ પહોંચતા તેઓનું મોત નીપજ્યું હતું. જ્યારે રમણભાઈ ને શરીરે ઈજાઓ પહોંચતા તેઓને નજીકના દવાખાને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. ત્યારે બીજી તરફ અકસ્માત સર્જનાર મોટરસાયકલ નો ચાલક જગદીશ ઉર્ફે કાળીયો સ્થળ પર મોટરસાયકલ મૂકી નાસી ગયો હતો.

આ સંબંધે અમરસિંહભાઈ મેતરભાઈ રાઠવાએ દેવગઢ બારીઆ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગરબાડાના સી.એચ.સી.કેન્દ્ર ખાતે ફાયર સેફટી અંગે મોક ડ્રીલ યોજાઈ

દાહોદ,,

તારીખ ૫ જૂનના રોજ બપોરના ત્રણ કલાકે ગરબાડા તાલુકાનાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર નવા ફળિયા ખાતે ફાયર સેફ્ટી અંગે મોક ડ્રિલ યોજાઈ હતી. રાજકોટમાં TRP ગેમ ઝોન અગ્નિકાંડમાં આગની લપેટમાં આવી જતા બાળકો તેમજ યુવાનોએ પોતાના જીવ ગુમાવ્યા હતા. જેને લઈને આજે PIU ડિપાર્ટમેન્ટ દ્વારા CHC સ્ટાફને સાથે લઈને મોક ડ્રિલ યોજી હતી. જેમાં ફાયરથી બચવા માટે ટ્રેનિંગ આપવામાં આવી હતી. આ કાર્યક્રમ દરમિયાન તમામ લોકોને આગ લાગે તો શું કરવું અને શું ન કરવું તેમજ આગ લાગે તો કયા સાધનોનો ઉપયોગ કરવો તેને સંપૂર્ણ માહિતી મોક ડ્રિલના આયોજનથી આપવામાં આવી હતી. જેમાં ગરબાડા સામુહિક આરોગ્ય કેન્દ્રના ડોકટર આર.કે.મહેતા સામુહિક આરોગ્ય કેન્દ્રનો સ્ટાપો પછી થયો હતો.

# દાહોદ ખા નદી માંથી અજાણ્યા વ્યકિતના મૃતદેહ મળતાં ચકચાર

દાહોદ,

દાહોદની ખાન નદી માંથી અજાણ્યા વ્યકિતની લાશ મળી આવતા પંથકમાં ભારે ચર્ચા મચી જવા પામી છે. ત્યારે આ અજાણ્યો વ્યક્તિ કોણ છે અને ક્યાંનો રહેવાસી છે ? અને તેને આત્મહત્યા કરી હશે કે કોઈ કે તેની હત્યા કરી હશે ? અનેક સવાલો સાથે પોલીસે તપાસમાં ધમધમાટ આરંભ કર્યાનું જાણવા મળે છે.

આજરોજ તારીખ ૭મી જૂનના રોજ સવારના ૧૦:૦૦ વાગ્યાના આસપાસ દાહોદ તાલૂકાના રળીયાતી ગામતળમાં આવેલ ખાન નદીના બ્રિજ પરથી અવર જવર કરતા રહદારીઓને નદીમાં લાશ તરતી જોવા મળી હતી. આ વાત વાયુ વેગે ફેલાતા વિસ્તારમાં આ લાશ કોની છે ? આ ઈસમ કોણ છે ? એ ચર્ચાનો વિષય બન્યો હતો જેને લઈ સ્થળ પર એકઠા થયેલા લોકોએ ખાન નદીમાં અજાણયા ઈસમની લાસ જોવાયા હોવાની જાણ દાહોદ તાલુકા પોલીસને કરતા પોલીસ કાફલો તાત્કાલિક ઘટના સ્થળે પહોચી દાહોદ નગરપાલીકા ફાયર વિભાગને જાણ કરી હતી. જેને લઈ ફાયર વિભાગની ટીમ દાહોદના રળીયાતી ગામની ખાન નદી પર પહોંચી લાશને નદી માંથી બહાર કાઢવાની કામગીરી શરૂ કરતા લાશને નદી માંથી બહાર કાઢતા ઈસમના બન્ને હાથ પોતનાજ શર્ટથી બાંધેલા નજરે પડતા ઈસમની હત્યા કરી લાશને નદીમાં ફેંકી દેવામાં આવી હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું હતું. હાલતો ફાયર વિભાગ દ્વારા લાશને નદી માંથી બહાર કાઢી પોલીસ દ્વારા પંચનામુ કરી લાસને પોસ્ટ મોર્ટમં અર્થે ખસેડી આ ઈસમના પરિવારને શોધખોળ કરવાની કામગીરી દાહોદ તાલુકા પોલીસ દ્વારા હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

# ગરબાડાના સીમલીયા બુર્ઝગ ગામેથી ૪ બાઈકો ઉપર મારક હથિયારો સાથે પસાર થતાં ૧૦ ઈસમોને પોલીસે ઝડપ્યા

દાહોદ,

દાહોદ જીલ્લાના ગરબાડા તાલુકા માંથી હાથમાં મારક હથિયારો ધારણ કરી કીકીયારીઓ કરી ચાર મોટરસાયકલ ઉપર સવાર ૧૦ જેટલા ઈસમોને પોલીસે ઝડપી પાડી મોટર સાયકલ તેમજ મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા ૧,૦૯,૦૦૦નો મુદ્દામલ કબજે કર્યાનું જાણવા મળે છે.

ગત તારીખ ૬ જૂન ના રોજ ગરબાડા તાલુકાના સીમળીયા બુજુર્ગ ગામે રહેતા અક્ષયભાઈ કનુભાઈ બારીયા, દિલીપભાઈ સેનાભાઈ બારીયા, બરસિંગભાઈ કાળિયાભાઈ બારીયા, મેહુલભાઈ સુભાષભાઈ બારીયા, તેરસિંગભાઈ માનાભાઈ બારીયા, લક્ષ્મણભાઈ દિપસિંગભાઈ બારીયા, હરેશભાઈ દિપસિંગભાઈ બારીયા, ગોરચંદભાઈ ગોરાભાઈ કેગુભાઈ બારીયા, દિનેશભાઈ છગનભાઈ બારીયા અને જેમાલભાઈ છગનભાઈ બારીયાનાઓ પોતાના હાથમાં મારક હથિયારો જેવા કે લાકડીઓ, તીર કામઠા, ગોફળ, તલવાર, કુહાડી વિગેરે જેવા હથિયારો લઈ ચાર મોટરસાયકલ ઉપર બેસી ગરબાડા તાલુકા માંથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે રસ્તામાં ગરબાડા પોલીસે ઉપરોક્ત દશે ઈસમોની અટકાયત કરી તેઓની પાસેથી નવ મોબાઈલ ફોન તેમજ ચાર મોટરસાયકલ મળી કુલ રૂપિયા ૧,૦૯,૦૦૦/-નો મુદ્દામાલ કબજે કરી સંબંધે ગરબાડા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સરકારી ઔધોગિક તાલીમ સંસ્થા, સંજેલીમાં પ્રવેશ માટે ઓનલાઈન અરજી કરી શકાશે

દાહોદ,

સરકારી ઔધોગિક તાલીમ સંસ્થા, સંજેલીમાં પ્રવેશસત્ર ઓગષ્ટ-૨૦૨૪ માં ચાલતા ટ્રેડ જેવા કે વેલ્ડર, સુઈંગ ટેકનોલોજી (સીવણ), કોમ્પ્યુટર ઓપરેટર એન્ડ પ્ર ા ે ગ ્ ા િમ ગ આસિસ્ટન્ટ (કોપા), ફીટર, વાયરમેન, ઈલેક્ટ્રીશીયન, મિકેનીક ડીઝલમાં પ્રવેશ મેળવવા માટે પ્રવેશ ફોર્મ ભરવાની પ્રક્રિયા તા. ૦૧-૦૪-૨૦૨૪ થી તા. ૧૩-૦૬-૨૦૨૪ સુધી ચાલુ રહેશે. ફોર્મ ભરવા માટે http// itiadmission.gujarat.gov.in ની વેબસાઈટ પર જઈને ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરી શકાશે. વધુ માહિતી માટે સરકારી ઔધોગિક તાલીમ સંસ્થા, સંજેલીનો રૂબરૂ સંપર્ક કરવા ઔધોગિક તાલીમ સંસ્થા, સંજેલીના આચાર્યએ જણાવ્યું છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.244

# પંચમહાલ આવૃત્તિ

ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર


## પંચમહાલ જીલ્લા પુરવઠા અધિકારીની ટીમે ગોધરામાં હોટલો, ખાણી-પીણીની લારીઓ ઉપર ચેકીંગ કરી ૬૩ રાંધણગેસના બોટલ કબ્જે લીધા



**ઉજ્જવલા યોજના લાભાર્થીને દર મહિને આપવાના થતાં ગેસ બોટલનો કાળા બજાર થાય છે.**

પંચમહાલ જીલ્લા પુરવઠા અધિકારી જણાવાયું કે, ઉજ્જવલા યોજના અંતર્ગત જે ગેસના બોટલ દર મહિને મળવા જોઈએ. તેની જગ્યાએ તે દર દોઢ થી બે મહિનામાં એક બોટલ આપવામાં આવે છે અને તેની જગ્યાએ આવા ગેસના બોટલો કાળાબજારમાં વેચાતા ગરીબોને અન્યાય થાય છે. ત્યારે ઘર વપરાશને રાંધણગેસનો ૧ બોટલ ઝડપાઈ તો ૭ થી ૧૦ હજાર રૂપીયાના દંડની કાર્યવાહી કરવામાં આવશે.

**ગોધરામાં હોટલ અને લારીઓ ઉપરથી ૬૩ ગેસના બોટલ કબ્જે લેવાયા.**

પંચમહાલ જીલ્લા પુરવઠા અધિકારી અને તેમની ટીમ દ્વારા ગોધરામાં ખાણી–પીણીની લારીઓ તેમજ હોટલો, ચાની લારીઓ ઉપર ઘરેલું રાંધણ ગેસનો ઉપયોગ થતો હોય ત્યાં ચેકીંગ હાથ ધરવામાં આવ્યું. તપાસમાં ૬૩ ઘરેલું ગેસના બોટલ કિંમત ૧.૯૦ લાખનો મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો. ગેરકાયદેસર ગેસ બોટલના ઉપયોગ કરનાર વેપારીઓ સામે ૪ લાખ થી વધુ દંડ વસુલવાની તજવીજ હાથ ધરાઈ છે.

ગોધરા,
પંચમહાલ જીલ્લા પુરવઠા અધિકારી દ્વારા ગોધરા શહેરમાં આવેલ ખાણી–પીણીની લારીઓ ઉપર ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું અને તપાસ દરમિયાન હોટલો અને લારીઓ ઉપરથી ૬૩ રાંધણગેસના બોટલ કબ્જે લેવામાં આવ્યા હતા. ધંધા સ્થળે રાંધણ ગેસનો ઉપયોગ કરતાં ધંધાદારીઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

પંચમહાલ જીલ્લા પુરવઠા અધિકારી એચ.ટી.મકવાણા તેમનો સ્ટાફ તથા મામલતદાર સાથે ગોધરા શહેરમાં હોટલો, લારીઓ ઉપર કોમર્શીયલ ગેસ બોટલના સ્થાને ઘરેલું રાંધણ ગેસના બોટલ ઉપયોગ કરતા હોય તેની તપાસ હાથ ધરવામાં આવી હતી. સવારથી જીલ્લા પુરવઠા અધિકારી, મામલતદાર અને ટીમ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં હોટલો, ખાણી–પીણીની લારીઓ ઉપર ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું અને આકસ્મિક ચેકીંગ દરમિયાન હોટલો અને લારીઓ ઉપરથી ૬૩ રાંધણ ગેસના બોટલ કબ્જે લેવામાં આવ્યા હતા. ગોધરામાં ખાણી–પીણીના અને ચાની લારીઓ ઉપર ધંધાના સ્થળે કોમર્શીયલ ગેસના બોટલના સ્થાને ઘરેલું રાંધણ ગેસનો ઉપયોગ થતો હોવાનું તપાસમાં સામે આવ્યું હતું. ગોધરામાં જીલ્લા પુરવઠા અધિકારી અને મામલતદાર ટીમ દ્વારા ખાણી–પીણીની લારીઓ હોટલો ઉપર તપાસની ઘટનાની જાણ અન્ય ધંધાદારીઓને થતાં નાસભાગ મચી જવા પામી હતી. જીલ્લા પુરવઠા અધિકારી દ્વારા જણાવાયું કે, તપાસ દરમિયાન જે હોટલો અને લારીઓ ઉપરથી ઘરેલું રાંધણ ગેસના બોટલ ઝડપાયેલ છે. તેવા ધંધદારીઓ સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવશે.

## શહેરા તાલુકાના ઉજડા ગામે સરકારી ગામ તળની જમીનમાં આવેલ ૨૬ મકાનોના દરવાજા ઉપર ટી.ડી.ઓ.ના આદેશથી નોટીસ લગાવાઈ

**૧૨ જુન સુધી મકાન માલિકો દ્વારા જરૂરી આધાર પુરાવા રજુ નહિ કરે તો કડક કાર્યવાહી કરાશે.**



ઊંજડા ગામના ભરવાડ ફળિયામાં સરકારી ગામતળની જમીનમા ગેરકાયદેસર વસવાટ કરતા હોવાનું શંકા હોવાથી મારા દ્વારા નોટિસ પાઠવવામાં આવી છે.ભરવાડ ફળિયામાં રહેતા લોકોને જરૂરી આધાર પુરાવા સાથે તાલુકા પંચાયત કચેરી ખાતે ૧૨ તારીખના રોજ હાજર રહેવા નોટિસ આપવામાં આવી છે.

:: પાર્થ પટેલ તાલુકા વિકાસ અધિકારી,શહેરા. ::

શહેરા,
શહેરા તાલુકાના ઉંજડા ગામના ભરવાડ ફળિયામાં સરકારી ગામતળની જમીનમાં આવેલા ૨૬ મકાનોના દરવાજા પર તાલુકા વિકાસ અધિકારીના આદેશથી નોટીસ ચોંટાડવામાં આવી હતી. ગ્રામ પંચાયતના તલાટીના જણાવ્યા અનુસાર ભરવાડ ફળિયામાં આવેલા મકાનોમાં કોઈ નહીં હોવાથી દરવાજા પર નોટિસ ચોંટાડી હતી. જોકે, તાલુકા પંચાયત કચેરી ખાતે જૂન માસની ૧૨ તારીખના રોજ મકાનોના માલિક દ્વારા જરૂરી આધાર પુરાવા રજૂ નહીં કરે તો તંત્ર દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવેતો નવાઈ નહી.

શહેરા તાલુકાના ગોકળપુરા ગામના પૂર્વ સરપંચની હત્યા ઊંજડા ગામના ભરવાડ ફળિયામાં રહેતા ત્રણ ઈસમો દ્વારા કરવામાં આવ્યા બાદ અહી રહેતા ૨૬ પરીવારો ઘર છોડીને જતા રહયા હતા. જોકે, ભરવાડ ફળિયામાં આવેલા ૨૬ મકાનો સરકારી ગામતળની જમીનમાં બનાવેલા હોવાનું તાલુકા વિકાસ અધિકારી પાર્થ પટેલના ધ્યાનમાં આવતા તેઓ દ્વારા આ મામલે જરૂરી કાર્યવાહી કરવામાં આવી રહી છે. જ્યારે ગ્રામ પંચાયતના તલાટી અમિત ડામોર અને ગામના સરપંચ દિલીપ મહેરા ભરવાડ ફળિયામાં નોટિસ બજાવવા માટે ગયા ત્યારે અહી આવેલા મકાનોના દરવાજા બંધ હોવા સાથે કોઈ વ્યક્તિ હાજર નહિ હોવાથી દરવાજા પર નોટિસ ચોટાડવામાં આવી હતી. નોટિસમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે ગામ તળની જમીનમાં બનાવવામાં આવેલ મકાન છે, તેના આધાર પુરાવા સાથે તાલુકા પંચાયત કચેરી ખાતે ૧૧/૬/૨૦૨૪ ને બપોરના ૧૨:૦૦ કલાકે હાજર રહેવું અને જો આ નોટિસ મળ્યા બાદ હાજર નહીં રહો તો પંચાયત ધારાની કલમ ૧૦૫ મુજબ કાર્યવાહી કરવામાં આવનાર છે. ગામ માંથી જાણવા મળેલ મુજબ સરકારી ગામતળની જમીનમાં કાચા પાકા ઘરો બનાવીને ૪૦ વર્ષથી ભરવાડ સમાજના અનેક પરીવારો પોતાના પશુ સાથે અહીં રહેતા હતા હાલમાં પૂર્વ સરપંચની હત્યાની બનેલ ઘટના બાદ ભરવાડ ફળિયામાં આવેલા ૨૬ મકાનોમાં રહેતા લોકો ઘર છોડીને જતા રહયા હતા. જોકે, ભરવાડ ફળિયામાં સરકારી ગામતળની જમીનમા ૨૬ જેટલા બનાવેલા મકાનોના માલિક દ્વારા જરૂરી આધાર પુરાવા રજુ નહી કરી શકે તો તાલુકા વિકાસ અધિકારી દ્વારા દબાણ દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવે તો નવાઈ નહી.

## ગોધરામાં ખોટું બીપીએલ અને અંત્યોદયકાર્ડ બનાવવાના ગુનાના બે આરોપીઓની આગોતરા જામીન અરજી રદ કરતી કોર્ટ

ગોધરા,
ગોધરામાં મુળ રેશનકાર્ડ ધારકોની જગ્યાએ અન્ય કાર્ડધારકનું દાખલ કરી કાર્ડને ઓવર સાઈટ કરી પુનઃ એકટીવ કરી બી.પી.એલ./ અંત્યોદય રેશનકાર્ડ મળતા અનાજનું રેશનકાડૃ બનાવવાના ગુનામાં ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે ગુનો નોંધાતા આરોપીઓએ આગોતરા જામીન અરજી કોર્ટમાં રજુ કરી હતી તે નામંજુર કરાઈ.

ગોધરા મામલતદાર કચેરીના આરોપી ઓપરેટરો ઈલેશકુમાર સુરેશભાઇ રાવલ (રહે. અંબાલી, તા.ગોધરા), સુહેલ ઉદ્દીન મોહમદ અબ્દુલ મોઅતી (રહે. સૈયદવાડા,ગોધરા)એ રેશનકાર્ડમાં મુળ રેશનકાર્ડ ઓવરરાઈટ કરી પુનઃ એકટીવ કરી બી.પી.એલ./ અંત્યોદય રેશનકાર્ડ મળતા અનાજનું રેશનકાર્ડ બનાવી એકબીજાની ગુનો કરેલ હતો. આ બાબતે ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોધાવા પામી હતી. આ ગુનામાં પોલીસે આરોપીઓની ધરપકડ કરવાની તજવીજ હાથ ધરી હતી. જ્યારે આરોપીઓ પોલીસ ધરપકડથી બચવા માટે કોર્ટમાં આરોપી રાવલ ઈલેશ સુરેશભાઇ અને આરોપી સુહેલ ઉદ્દીન મોહમંદ અબ્દુલ મોસીન બે પંચમહાલ ડીસ્ટ્રીકટ સેશન્સ જજ સી.કે.ચૌહાણની કોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરેલ હતી. આ જામીન અરજીની સુનાવણી હાથ ધરતાં સરકારી વકિલ રાકેશ એસ.ઠાકોર એ વિગતવાર દલીલો રજુ કરતાં બન્ને આરોપીઓના જામીન નામંજુર કરવામાં આવ્યા.

## ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે નાયબ પોલીસ અધિક્ષકની ઉપસ્થિતીમાં શાંતિ સમિતિની મીટીંગ યોજાઈ



ગોધરા,
પંચમહાલ જીલ્લામાં આવેલ ગોધરા શહેરમાં બી ડિવિઝન પોલીસ મથકમાં નાયબ પોલીસ અધિક્ષક એન.વી.પટેલ અને બી ડિવિઝનના પી.આઈ. એ.કે.કલાસવાની ઉપસ્થિતિમાં શાંતિ સમિતિની બેઠક બોલાવવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં હિન્દુ અને મુસ્લિમ સમાજના આગેવાનો હાજર રહ્યા હતા.આગામી ટૂંક સમયમાં બકરી ઈદ પર્વને ઉજવણી થનાર છે. ત્યારે ગોધરા શહેરના બી ડિવિઝન પોલીસ મથકમાં શાંતિ સમિતિની મીટીંગ બોલાવવામાં આવી હતી. જેમાં હિંદુ મુસ્લિમ સમાજના આગેવાનો તેમજ ધર્મગુરૂઓ ઉપસ્થિત રહ્યા હતા અને આ તહેવાર શાંતિપૂર્ણ રીતે ઉજવાય અને કોઈપણ ધર્મની લાગણી ન દુભાય તે બાબતે ચર્ચાઓ કરવામાં આવી. ગોધરા શહેર સહિત પંચમહાલ જીલ્લામાં બકરી ઈદ પર્વ નો તહેવાર શાંતિપૂર્ણ રીતે ઉજવાય તે માટે તમામ આગેવાનો અને ધર્મ ગુરૂએ આ બાબતે ખાતરી આપી હતી. જયારે ગોધરા શહેર અને પંચમહાલ જીલ્લામાં કાયદો અને વ્યવસ્થામાં ભંગ ના થાય તે માટે ઉપસ્થિત હિંદુ મુસ્લિમ સમાજના આગેવાનોએ બાંયધરી આપી હતી.


## ગોધરા ફાયર વિભાગ દ્વારા ગોધરા, કાલોલ અને હાલોલમાં હોસ્પિટલ, મોલ, હોટલ ઉપર ચેકીંગ કરી નોટીસ આપી



ગોધરા,
રાજકોટ શહેરમાં આવેલા ગેમ ઝોનમાં બનેલી ગોઝારી ઘટનાને લઈને સમગ્ર રાજ્ય સહિત પંચમહાલ જીલ્લામાં ગોધરા ફાયર વિભાગ દ્વારા આજે બીજા દિવસે પણ પંચમહાલ જીલ્લા આવેલ ગોધરા, કાલોલ, હાલોલના વિવિધ વિસ્તારોમાં આવેલા હોસ્પિટલો, મોલ, હોટલો, બેકરી સહિતની જગ્યાઓમાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં બેદરકારી દાખવનાર હોસ્પિટલ હોટલો મોલ અને બેકરીના સંચાલકોને નોટિસ પાઠવવામાં આવી હતી.

જેમાં હાલોલ તાલુકામાં આવેલાં ટોટલ ધમાલ મોલ અંકુર હોસ્પિટલ અનંત સુધી હોસ્પિટલ ક્રિષ્ના બાળકોની હોસ્પિટલ હોટલ સ્વામીની અને કાલોલ તાલુકામાં આવેલ સંજીવની હોસ્પિટલ ખાતે ચેકિંગ હાથ ધરવામાં આવી. જયારે ગોધરા શહેરમાં આવેલ શુભમ આઇ એન્ડ ડેન્ટલ, ન્યુ ભાવનગરી ફરસાણ, શાનદાર બેકરી, પેસ્ટી કિંગ બેકરી, હોટલ ગ્રાન્ડ સતલુજમાં ગોધરા ફાયર બ્રિગેડના અધિકારીઓ દ્વારા ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં શુભમ ડેન્ટલ હોસ્પિટલ અને ન્યુ ભાવનગરી ફરસાણને ફાયર સેફ્ટીના ઉપકરણો ન હોવાના કારણે નોટીસ પાઠવવામાં આવી હતી. જ્યારે શાનદાર બેકરી અને પેસ્ટી કિંગ નામની બેકરીમાં ફાયર સેફ્ટીના કોઈપણ પ્રકારના સાધનો ન હોવાના કારણે નોટીસ પાઠવીને બંધ કરાવી હતી.

## કાલોલ શહેર માં આવેલ નવી પોસ્ટ ઓફીસ સામેના રોડ ઉપર ઘણાં સમયથી ગટરના ચેમ્બરનું ઢાંકણું ટુટી જતા અકસ્માતનો ભય



કાલોલ,
કાલોલ શહેર સ્થિત નવી પોસ્ટ ઓફિસ, રબ્બાની મસ્જીદ સામેના રોડ ઉપર તળાવનું ઓવર ફલો પાણી કાઢવા માટેના નાળા નાખી નાળા ઉપર હાલમાં જ બનાવવામાં આવેલ ચેમ્બરનો ઢાંકણું ટુટી જતા અંદાજીત દશ ફુટ ઉંડો ખાડો હોવાથી અકસ્માત સર્જાવાની શક્યતા લોકોમાં સેવાઈ રહી છે. જયાં દરરોજ હજારો લોકો વાહનો લઈને અવરજવર કરી રહયા છે. જયાં રસ્તાની વચ્ચો વચ્ચ ગટરના ચેમ્બર ઉપરનું ઢાંકણું ઘણા દિવસો થી એક ભાગ તૂટી ગયો છે અને બીજો ભાગ નીચે બેસી ગયો છે અને વાહનો તથા લોકો અહીં થી મોટીસંખ્યામાં અવર જવર કરે છે, પરંતુ કાલોલ નગર પાલિકા આ ઢાંકણું બદલવાની તસ્દી લીધી ન હોવાથી પારાવાર મુશ્કેલી પડી રહી છે. અજાણ્યા લોકોનો અકસ્માત થવાની શકયતાઓ સેવાય રહી છે. સ્થાનિક વેપારીઓના જણાવ્યા મુજબ આવતાં જતાં નગરપાલિકાના જવાબદાર લોકોને વારંવાર મૌખિક રજૂઆત કરી હતી, પરંતુ આંખ આડા કાન કરવામાં આવતા પાલિકા તંત્ર સામે રોષ વ્યક્ત કર્યો હતો. ત્યારે કાલોલ નગર પાલિકા દ્વારા તાકીદે ચેમ્બરનું તૂટેલું ઢાંકણું વહેલાસર બદલવાની તસ્દી લઈ મોટી કોઈ દુર્ઘટના કે અકસ્માત ન સર્જાય તે જરૂરી બન્યું છે.

## શહેરાના બોરીયાવીમાં સડક યોજનાના ખેડુતોની વળતરની રકમમાં છેતરપિંડી કરનાર વકીલના સાગરીતની જામીન અરજી નામંજુર કરતી કોર્ટ

શહેરા,
શહેરા તાલુકાના બોરીયાવી ગામની સડક યોજનામાં ખેડુતની જમીન અવેજમાં મળનારી વળતર રકમમાં ખેડુતો સાથે છેતરપિંડી કરવાના ગુનામાં ઝડપાયેલ અરોપી વકીલના સાગરીત દ્વારા કોર્ટમાં રેગ્યુલર જામીન અરજી દાખલ કરેલ હતી. આ જામીન અરજીની સુનાવણી હાથ ધરતાં કોર્ટે જામીન અરજી નામંજુર કરી.

શહેરા તાલુકાના બોરીયાવી ગામના ફરિયાદી અને અન્ય લોકોની જમીન બોરીયાવી ગામની સડક યોજનામાં રાખેલ હોય ખેડુતોની જમીનની અવેજમાં મળનારી વળતરની રકમમાં ખેડુતો સાથે આરોપીઓ દ્વારા છેતરપિંડી કરતાં આ બાબતે શહેરા પોલીસ મથકે બાબુભાઈ, વકિલ દિનેશભાઇ પઢીયાર તથા મનોજભાઈ વિરૂદ્ધ ફરિયાદ નોંધાઈ હતી. આ ગુનામાં પોલીસ દ્વારા બાબુભાઈ વાલાભાઈ ચમાર અને મનોજ ભુપેન્દ્રકુમાર પટેલની ધરપકડ કરી જયુડીશીયલ કસ્ટડીમાં મોકલી આપવામાં આવ્યો હતો. આરોપી મનોજ ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા કોર્ટમાં રેગ્યુલર જામીન અરજી પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ સેશન્સ જજ સી.કે.ચૌહાણની કોર્ટમાં કરેલ હોય આ જામીન અરજીની સુનાવણી હાથ ધરાઈ હતી. સરકારી વકિલ રાકેશ એસ.ઠાકોરની વિગતવાર દલીલો ધ્યાને રાખીને આરોપીની જામીન અરજી નામંજુર કરવામાં આવી છે અને ચુકાદામાં સેશન્સ જજ સી.કે.ચૌહાણ દ્વારા નોંધાવામાં આવ્યું કે, આરોપીઓ કાવતરું રચી ગરીબ ખેડુતો સાથે છેતરપિંડી કરી નાણાંની ઉચાપત કરી છે. આ બનાવમાં આઈ.ડી.બી.આઈ. બેંકની ગંભીર પ્રકારની સંડોવણી ઉડીને આંખે વળતે તેવી છે. કારણ કે, આર.બી.આઈ.ના નિર્દેશો મુજબ વ્યકિતને બેરર ચેકથી ૫૦,૦૦૦/–રૂા. કરતા વધુ રોકડ આપી શકાતી નથી. ત્યાં આ સમગ્ર કિસ્સામાં આઈ.ડી.બી.આઈ. બેંકના અધિકારીઓ લાખો રૂપીયાની રકમ રોકડમાં કેવી રીતે આપી તેની પણ તપાસ જરૂરી છે.

## અમૃત વિદ્યાલય પાસેથી ચાલતા જતા શ્રમજીવીને અજાણ્યા વાહને અડફેટ લતાં ઘટણા સ્થળે કમકમાટીભર્યું મોત

કાલોલ,
કાલોલ તાલુકાના મલાવ રોડ પાસે અલવા ગામે રહેતા કિરણભાઈ બાબુભાઈ બારીયા શુક્રવારે વહેલી સવારે છ વાગે પોતાના ઘરેથી નીકળીને કાલોલ તરફ ખેત મજૂરી કરવા માટે રોડ ની ડાબી બાજુએ ચાલતા જતા હતા. ત્યારે વહેલી સવારે પોણા સાતના સુમારે અજાણ્યા વાહન ચાલકે પોતાનું વાહન પુર ઝડપે અને ગફલત ભરી રીતે હંકારીને ચાલતા જતા રાહદારી કિરણને અથડાવી દેતા માથાના ભાગે વ્હીલ ચડાવી દેતા અરેરાટી ભર્યા દ્રશ્યો સર્જાયા હતા અને માથા માંથી માસ ના લોચા નીકળી ગયા હતા અને કિરણ ભાઈ નું સ્થળ ઉપર મોત નિપજ્યું હતું અને અકસ્માત કરી અજાણ્યો વાહન ચાલક પોતાનું વાહન લઈને નાસી છૂટ્યો હતો. વહેલી સવારે આઠેક વાગ્યાના સુમારે મૃતક ના પિતા બાબુ ભાઈને અકસ્માતની જાણ થતા તેઓ સ્થળ ઉપર પહોંચ્યા હતા અને કાલોલ પોલીસને જાણ કરતા પોલીસ ઘટણા સ્થળ પર પહોંચી હતી અને મૃતક યુવકની લાશ રેફરલ હોસ્પિટલ કાલોલ ખાતે પી.એમ.માટે ખસેડવામાં આવી હતી અને મૃતકના પિતાની ફરિયાદના આધારે અજાણ્યા વાહન ચાલક સામે ગુનો દાખલ કરી આગળની તપાસની કાર્યવાહી સિનિયર પીએસઆઇ સી.બી.બરંડા દ્વારા શરૂ કરાઈ છે. મૃતક કિરણભાઈનું અકસ્માતે મોત થતા તેઓના પરીવારજનો ઉપર આભ તૂટી પડયો હતો અને તેઓના ત્રણ બાળકો અને વૃદ્ધ પિતા નોધારા થઈ ગયા છે.

## શિક્ષકે વિદ્યાર્થીઓને ચેલેન્જ આપી વધુ ગુણ લાવશો તો આપીશ એક લાખ.... અને વિદ્યાર્થીઓએ કરી બતાવ્યું




ગોધરા,
દેશભરમાં હાલમાં નીટની પરિક્ષાના પરિણામો જાહેર થયા છે. હાલમાં ગોધરા આવેલી ઈન્ફીનીટી સાયન્સ એકડેમીના બે વિદ્યાર્થીઓને તેમના શિક્ષીકા દ્વારા ચેલેન્જ આપવામા આવી હતી કે વધુ માર્કસ લાવામા આવશે, તો એક લાખનું ઈનામ આપવામાં આવશે. આખરે વિદ્યાર્થીઓ દ્વારા આ ચેલેન્જ પુરી કરવામા આવી અને એક લાખનું ઈનામ આપવામાં આવ્યું હતું.

ઈન્ફીનિટી સાયન્સ એકેડમી ગોધરામાં અભ્યાસ કરતા બે વિદ્યાર્થીઓને એક એક લાખ રૂપિયાનું ઈનામ આપવામાં આવ્યું હતું. નફીસ આલમએ નીટ ૨૦૨૪ની પરીક્ષામાં ૭૨૦ માંથી ૬૭૫ અને નિકુંજ વણકરએ ૭૨૦ માંથી ૬૩૪ ગુણ પ્રાપ્ત કર્યા છે. તેમના બાયોલોજીના ટીચર મનીષાબેને વર્ગમાં અભ્યાસ કરાવતી વખતે વિદ્યાર્થીઓને ટાસ્ક આપ્યો કે જે પણ વિદ્યાર્થી આ વર્ષે બાયોલોજીમાં ૩૬૦ માંથી ૩૫૦ કે તેથી વધુ ગુણ લાવશે, તો તેમને એક એક લાખ રૂપિયાનું ઈનામ આપવામાં આવશે. જેમાં ઈન્ફીનિટીના બે વિદ્યાર્થીઓ નફીસ અને નિકુંજ બંને વિદ્યાર્થીઓ આ ટાસ્ક પૂર્ણ કર્યો હતો અને બંને બાયોલોજી નીટમાં ૩૫૦ ગુણ પ્રાપ્ત કર્યા અને જેના લીધે શિક્ષક મનીષા મેડમે પોતાનું વચન નિભાવ્યું અને આ બંને વિદ્યાર્થીઓને એક–એક લાખ રૂપિયાનું ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા છે. પ્રોત્સાહન વધારવા રવિન્દ્રભાઈ અને જીગ્નેશભાઈ તથા અન્ય સ્ટાફનો પણ મહત્વનું યોગદાન રહ્યું છે.

## ગોધરા ધોળાકુવાના બુટલેગરને પાસા હેઠળ એલ.સી.બી.એ ધરપકડ કરી ભરૂચ જેલમાં મોકલી આપ્યો

ગોધરાના ધોળાકુવા ગામે પાલનપુર ફળીયામાં રહેતા બુટલેગર શૈલેષભાઈ ઉર્ફે શૈલો મનુભાઈ હયાત વિરૂદ્ધ ગોધરા એ–બી ડીવીઝન, ગોધરા તાલુકા પોલીસ અને શહેરા પોલીસ મથકે ઈંગ્લીશ દારૂ રાખવાના તથા હેરાફેરી કરવાનો પ્રોહિબીશનના ૫ ગુના દાખલ થયેલ હોય આ બાબતે એલ.સી.બી.પોલીસ દ્વારા આરોપી વિરૂદ્ધ પાસાની દરખાસ્ત તૈયાર કરીને જીલ્લા મેજીસ્ટ્રેટને મોકલી આપી હતી. આ પાસાની દરખાસ્ત જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા મંજુર કરી આરોપીને ઝડપી મદયસ્થ જેલ ભરૂચ ખાતે મોકલી આપવાના હુકમ કરતા એલ.સી.બી.પોલીસે આરોપીને ઝડપી પાડીને ભરૂચ મદયસ્થ જેલ ખાતે મોકલી આપવામાં આવ્યો.


## જાહેર નોટીસ

મે. ઘોઘંબાના મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મું.ઘોઘંબા

જન્મ મરણ અરજી નં.૨૨૪ /૨૦૨૪ તા. ૦૬/૦૬/૨૦૨૪

અરજદારઃ– પરમાર ગુલાબભાઈ માધુભાઈ, રહે. જબુવાણીયા, તા. ઘોઘંબા, જી. પંચમહાલ.

વિરૂધ્ધ

સામાવાળાઃ– જન્મ મરણ રજીસ્ટ્રાર, તલાટી કમ મંત્રીશ્રી, જબુવાણીયા, જબુવાણી, ગ્રામ પંચાયત, તાઃ–ઘોઘંબા, જી. પંચમહાલ.

–:: હુકમ ::–

આથી જાહેર જનતાને તેમજ લાગતા વળગતા હિત ધરાવતાં તમામ ઈસમોને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે,ઉપરોકત વિષયના અરજદારનાઓના પિતા નામે પરમાર માધુભાઈ પારસિંહ નાઓનું મરણ તાઃ ૨૫/૦૩/૨૦૨૦ ના રોજ રહે, જબુવાણીયા, તા.ઘોઘંબા, જી. પંચમહાલ ખાતે થયેલ તેવું અમારી સમક્ષ જાહેર કરી અરજદારે તેમના પિતા નાઓના મરણની નોંધ સામાવાળાના જન્મ/મરણ રજીસ્ટરે કરાવવા સારૂ અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે.વાસ્તે સદર હું અરજદારની અરજી સામે, જે કોઈ લાગતા વળગતા ઈસમોને વાંધો તકરાર હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન– ૩૦(ત્રીસ)માં અત્રેની કોર્ટ સમક્ષ પોતાના વાંધા તકરાર રજૂ કરવા. જો મુદ્દતમાં વાંધો તકરાર રજૂ કરવામાં નહી આવે તો આ કોર્ટ સદર અરજી અંગે નિયમોનુંસારની આગળની કાર્યવાહી કરશે, જેની નોંધ લેશો. આજ તા.૦૬ માહે જુન સને ૨૦૨૪ નારોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
(આર.કે.પટેલ),
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર, ઘોઘંબા.